ॐ

# અધ્યાત્મ

વર્ષ : ૧૦ મે-૧૯૮૯ અંક : ૮

## * સદ્‌ભાવભરી ભેટ *

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી ને પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાથી અધ્યાત્મને ભેટનો પુનિત પ્રવાહ ચાલ્યાં કરે છે. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

૫૧ સુશીલાબેન છબીલદાસ ખુડખુડિયા, અમદાવાદ.
૧૦ ધીરજલાલ નારાયણદાસ શાહ, મુંબઇ.
૨૫ શ્રી પ્રવીણ વ્રજલાલ મિરાણી, મોરબી.
૧૦૧ વડોદરાના સાધકભાઈ તરફથી.
૨૫ શ્રી મગનલાલ ઓધવજી તન્ના, વડોદરા.
૧૦૧ ,, મહેન્દ્રભાઈ ડી. પાઠકના સ્મરણાર્થે શ્રી ચંપાબેન પાઠક તરફથી.
૧૮૦ ,, મનસુખલાલ કાનજીભાઇ સારંગ, સુરત-ઘરના ભાગલાનું કામ સરળતાથી ઉકેલાતાં.
૨૬૦ ( પાઉન્ડ ૧૦ ) શ્રી એન. જી. મિસ્ત્રી, બ્રેડફોર્ડ, યુ. કે.
૨૫ દેવાંગ જગદીશ ઠાકર, મુંબઈ.
૨૫ શ્રી ચીમનભાઇ મહેતા, સુરત પીરમબેટ ઉપરની સાધના સુખરૂપ થવાથી.
૧૧ શ્રી જીજ્ઞેશ આર. જયસ્વાલ, ભાવનગર.
૨૧ શ્રી રાજુભાઈ જયસ્વાલ, ભાવનગર.
૫૦ ,, કરણીબા રામદાન મીસણ, મોરબી.
૫૧ ,, સુમંતચંદ્ર બાપાલાલ પરીખ, વડોદરા.
૫૨૦ ( પાઉન્ડ ૨૦ ) યુ. કે. ના એક સાધક તરફથી.

## * સૂચના *

૧. અધ્યાત્મનો ટેલિફોન નંબર બદલાયો છે. નવો નંબર ૨૫૮૧૧ છે.

૨. માર્ચ, ૮૯ સુધીના અંકો સીલકમાં નથી. તો તે માટે પત્રવ્યહવાર ન કરવા વિનંતિ. -તંત્રી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૧૦ અંક : ૮ છૂટક નકલ ૨-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી-સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૫૮૧૧**

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| પાંચમી પૂણ્યતિથિ–કેનેડામાં | સુરેશભાઇ શાહ–કેનેડા | ૧૦ |
| સુખદ સ્મૃતિ | તંત્રી | ૧૩ |
| ઓરે, યોગેશ્વર–મા | દુર્લભભાઇ ભકત–સ્યાદલા | ૧૫ |
| સાર | ડા. રણુજીત પટેલ | ૧૬ |
| દિવ્ય અવસર–૨ | –કલ્યાણુ | ૧૭ |
| નામ–જપ | કમલ સુથાર | ૨૫ |
| 'રક્ષા' નો આદર્શ | મહેન્દ્ર ઈ. પંડ્યા | ૨૮ |
| પ્રતિજ્ઞાનો પ્રભાવ | ભૂપતરાય મો. ઠાકર 'ઉપાસક' | ૩૬ |
| શ્રી શ્રીમા શારદાદેવી | સ્વામી ગંભીરાનંદજી | ૩૮ |
| સત્પથનો સાધક | ભાઈલાલભાઇ છાટબાર | ૪૨ |
| વિદાય | ડા. રણજીત પટેલ ( अनामी ) | ૪૯ |
| શ્રી મુકુટ લીલામૃત | પંડિત જગન્નાથ પ્રભાશંકર | ૫૧ |
| પ્રભુનો પ્રસાદ | પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર ) | ૫૫ |
| દુર્લભ દેહ–માનવનો | –રતિલાલ ભાવસાર | ૬૧ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૨ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૧૦ મે-૧૯૮૯ અંક : ૮


## શ્રી યોગેશ્વર કથામૃત

–મા શ્રી સર્વેશ્વરી

ભાદરવા સુદ છઠ ૨૦૩૬, ભાવનગર, સિવિલ હોસ્પીટલ તા. ૧૫-૯-૧૯૮૦ સોમવાર.

આજથી હવે સ્થળ બદલાયું છે. વાર્તાલાપ, મુલાકાત, પ્રવચનો, ભકતોની સાથેનાં શંકાસમાધાન બંધ છે. માતાજીને સિવિલ હોસ્પીટલમાં દાખલ કર્યાં છે. જેથી આખા દિવસની અગત્યની નોંધમાં ફકત સેવા જ નોંધવાની રહે છે.

હોસ્પીટલનો સ્પેશિયલ રૂમ છતાં ખૂબ ગંદકી હોવાથી પૂ. શ્રીએ ત્રણ કલાક સુધી સફાઈ કરાવી, રૂમને થોડો રહેવા લાયક બનાવ્યો. મુલાકાતીઓને સમય આપી દીધો. જેથી બન્નેને પુરતો આરામ મળી શકે.

**ભાદરવા સુદ સાતમ-૨૦૩૬ સ્થળઃ-ભાવનગર સિવિલ હોસ્પીટલ. તા. ૧૬-૯-૧૯૮૦ મંગળવાર.**

સવારે પૂ. શ્રીને પણ નાળિયેરનું પાણી આપવામાં આવ્યું. ત્યાં જ માતાજીને ઇંજેકશન મૂકવા એક નર્સ આવી. પૂ. શ્રીએ પાણી ઢાંકીને મૂકાવી દીધું. નર્સના ગયા પછી પૂ. શ્રી કહે : વ્યકિતને જોતાં જ ખબર પડે કે એના સંસ્કાર

કેવા છે. હલકા સંસ્કારવાળી વ્યકિતના દેખતાં પાણી પણ ન પીવું જોઇએ. એટલે મેં ઢંકાવીને રખાવ્યું."

બપોરે ભોજન બાદ આજે માતાજીને પલંગ ઉપર જ કુદરતી હાજત કરાવી અને એને યોગ્ય સેવા કરી. એના અનુસંધાનમાં શ્રી નારણભાઈ જાનીને પૂ. શ્રીએ સર્વેશ્વરીની આવી સેવાનું વર્ણન કરી કહ્યું કે ભવિષ્યમાં વાર્તાલાપ આપો ત્યારે આ મહત્ત્વની વાતો ભૂલાય નહીં, માટે કરું છું.

મોસંબીનો રસ ખૂબ ખાટો હોવા છતાં મેં કહ્યું "આપ પીઓ." તો પૂ. શ્રી કહે, "ના, ઘણો ખાટો છે. એ તો શંકર ઝેર પીએ. અમે તો જીવનનાં ઝેર પી જાણીએ."

આજે પૂ. શ્રીએ ઘણા દિવસે વ્યવસ્થિત રીતે માળા કરી. મને જગ્યાના અભાવે આસન–વ્યાયામ કરવાનો કંટાળો આવતો હતો. તો પૂ. શ્રીએ જગ્યા બતાવી શેત્રંજી પથરાવી વ્યાયામ કરવાનું સૂચન કર્યું જેથી અહીં હોસ્પીટલમાં વ્યાયામ-ગીતા વગેરે નિયમિત થયું.

અશકિત ઘણી હોવાથી માતાજીને પલંગ ઉપર જ જયારે જયારે બધી ક્રિયા કરાવાતી હોય છે, ત્યારે ત્યારે પૂ. શ્રી યોગેશ્વરજી પોતે જ સેવા કરવાનો આગ્રહ રાખે છે, પરંતુ ત્યારે મારો આગ્રહ મારે જ એ સેવા કરવી એવો હોય છે. એટલે છેવટે મારી વિનંતિને માન્ય રાખી મને સેવાની તક આપે છે. અન્ય કોઈ આગ્રહ કરે તો પૂ. શ્રી સાફ ના પાડે છે. કોઇપણ ત્રીજી વ્યકિતને આવી સેવા સોંપીએ પણ તે પ્રેમથી ન પણ કરે, એવું પૂ. શ્રી માને છે. જેથી અંગત વ્યક્તિ અને તે પણ એવી સેવા ખૂબ પ્રેમથી કરી શકે એવો વિશ્વાસ આવે તોજ પૂ. શ્રી તેને તે સેવા કરવા દે છે.

"મારું અહોભાગ્ય છે કે પ્રેમથી સેવા કરનારાંની શ્રેણીમાં મારું નામ પણ મૂકાયું છે. તેથી દરેક પ્રકારની અંગત સેવા



પૂ. શ્રી મને કરવા દે છે."

આજે સાંજે સિવિલ હોસ્પીટલના મુખ્ય ડોકટર શ્રી ગઢવી આવ્યા. તેમણે માતાજીનું ઓપરેશન તાત્કાલિક કરવાનો નિર્ણય લીધો. પૂ. શ્રી કહેવા લાગ્યા, "તમે (સર્વેશ્વરી) અહીં જ હાજર રહેજો."

પૂ. શ્રીની આજ્ઞા મુજબ ઓપરેશન સમયે માતાજીની પાસે જ મારે રહેવાનું બન્યું. તા. ૨૪ ઓગસ્ટથી જે સેવા શરૂ થઇ છે તે સેવાથી માતાજીને સંતોષ થયો છે, એવા ઘણા શબ્દો તેમના શ્રી મુખેથી નીકળ્યા હતા.

પણ આજે માતાજીએ અંતઃકરણ ઉઘાડયું. ઓપરેશન શરૂ થયા બાદ ગ્લુકોઝ આપવામાં આવ્યો હતો તે હાથને પકડી રાખવાનું કાર્ય મારું ચાલુ જ હતું. પછી પૂ. શ્રી પાસે આવીને આશ્વાસન આપે છે. માતાજીને કહે: "ઓપરેશન પુરુ થઈ ગયું. હવે સરસ ઉંઘ આવી જશે. જુઓ, હું પણ અહીં જ છું. ને સર્વેશ્વરી પણ તમારો હાથ સ્થિર રાખવા અહીં જ બેઠાં છે. " આ શબ્દો સાંભળી માતાજીએ પોતાનો બીજો હાથ ખૂબ લાગણીસભર હૃદયે મારા શરીર પર મૂકયો ને કહેવા લાગ્યાં, "**બેન, તેં મારી બહુ સેવા કરી.**" આ સાંભળી મારી અને પૂ. શ્રીની આંખમાં આંસુ આવી ગયાં. અમે કહ્યું "એમાં શું ? એ તો અમારી ફરજ છે."

માતાજીને સત્યનું દર્શન થયું એ જ આજના દિવસની મહત્ત્વની નોંધ છે. માતાજીના અંતઃકરણના આ ઉદ્ગારો પૂ. શ્રીના અને મારા જીવનમાં (અમારા જીવનમાં) સુવર્ણ અક્ષરે અંકિત થયા છે, થશે. છેવટે પૂ. માતાજીના દિલમાં સેવાની સુખદ નોંધ લેવાઇ એથી સંતોષ થયો. ત્રણ ત્રણ વરસથી થયેલા માનસિક અંતરને દૂર કરવા જ પ્રભુએ જાણે

આ માંદગી મોકલી હોય એવું ક્ષણભર તો લાગ્યું.

ઓપરેશન બાદ ગ્લુકોઝને લીધે થોડી શકિત આવતાં વાતો પણ કરી. રાત્રે ઉંઘનું ઈન્જેકશન આપતાં પાંચ છ વાર માતાજી કકડે કકડે જાગ્યાં. એકંદરે રાત્રિ ઠીક પસાર થઇ.

તા. ૧૯ મી ઓગસ્ટે લીધેલું શકિતનું ઇંજેકશન માતાજીના શરીરમાં પાક ઉપર ચઢયું. સર્વશ્રેષ્ઠ ડોકટરોની સલાહથી ઉતારા ઉપર જ સારવાર થઈ, પણ પરમશકિતની સૂચના, આજ્ઞા મુજબ, ડોકટરોની સલાહ મુજબ માતાજીને હોસ્પીટલમાં દાખલ કર્યાં. હોસ્પીટલમાં પૂ. શ્રી યોગેશ્વરજી ને હું તો સેવામાં હતાંજ, પણ પરમશકિતએ લખ્યું કે હું પણ સાથે જ છું. જે પણ કરીશ તે લીલા ખાતર અને કલ્યાણકારક જ હશે.”

હોસ્પીટલમાં દાખલ થયે એક જ દિવસ થયો ત્યાં તાત્કાલિક ઓપરેશનનો નિર્ણય લેવાયો. સાથે સુગર ઘટાડવાના પ્રયત્નો પણ ભારે પ્રમાણમાં શરૂ થયા. ઓપરેશન દરમ્યાન ઘણું બધું પરૂ ને બગાડ શરીરમાંથી કાઢ્યો. આ સમાચારો એમની દીકરીને ફોનથી પહોંચાડ્યા. રાત્રે પણ એ બગાડ શરીરની બહાર નીકળતો જ ગયો. સતત દેખરેખ રાખીને માતાજીને કેમ રાહત થાય તેના પ્રયત્નોમાં આખી રાત્રિ વીતી ગઈ. હરિ ૐ.

**ભાદરવા સુદ સાતમ ૨૦૩૬ તા. ૧૭-૯-૮૦ બુધવાર સ્થળઃ-સિવિલ હોસ્પીટલ, ભાવનગર.**

સિવિલ હોસ્પીટલમાં આજે ત્રીજો દિવસ છે. આ રૂમમાં હોસ્પીટલનું વાતાવરણ નથી. સિવિલ હોસ્પીટલના વિશાળ મેદાનમાં આ બે રૂમ જ ખોજાવોર્ડ તરીકે ઓળખાય છે તે સંપૂર્ણરીતે સ્વતંત્ર છે, જાણે નવા ઉતારા ઉપર કોઈ ઘરમાં જ રહેતા હોઇએ એવું લાગે.



માતાજીની માનસિક સ્થિતિને ધ્યાનમાં રાખી હજી સુધી હોસ્પીટલમાં આવ્યાં છીએ, એમ કહેવામાં આવ્યું નથી. ઓપરેશન છે એવું નહીં પણ નાનકડો છેદ મૂકશે એવું કહેવાથી માનસિક સ્વસ્થતા ને હિંમત તેઓ ઓપરેશન દરમ્યાન દાખવી શકયાં. આ રૂમમાં જ એ ઓપરેશન થયું, જેથી અમે બન્ને પણ ઓપરેશન દરમ્યાન છેક પાસે ઊભાં રહી આશ્વાસન ને હિંમત આપી શકયાં.

આજે સવારે ભાઈલાલભાઈ પોતાનો ૬૬ મો જન્મદિન હોઈ પૂ. શ્રી ના દર્શને આવ્યા છે. પૂ. શ્રી ભાઈલાલભાઈને અભિનંદન આપતાં કહે છે, “ આવા અનેક જન્મદિન જીવનમાં ઉજવો.” ભાઇલાલભાઇ કહે છે “ જન્મદિન ભલે ઓછા આવે, પણ જે કામ ૫૦ વર્ષમાં થાય છે. તે કામ પાંચ વરસમાં કરી શકુ એવા આશીર્વાદ આપો.”

ભાઇલાલભાઇની જન્મદિન નિમિત્તની ભેટનો પૂ. શ્રીએ સાભાર અસ્વીકાર કર્યો. અને એક સંતરાનો પ્રસાદ આપતાં પૂ. શ્રીએ કહ્યું :

“ જીવન આવું જ સંતરા જેવું ખાટમીઠું છે. જીવનને મીઠું માનીને રહેવાનું. જીવન પણ એવું મીઠુ બનો એવી શુભેચ્છા.”

ભાઈલાલભાઈ વિદાય થયા. આજે માતાજીને ઘા ઉપર ડ્રેસીંગ કરવામાં આવ્યું. અસહ્ય વેદના માતાજી ભોગવી રહ્યાં છે. એમની દર્દ ભરી બૂમોથી અમારી બન્નેની આંખોમાં આંસુ આવી ગયાં. “ હે પ્રભુ ! દુશ્મનને પણ આવું દર્દ ના આપીશ.” એવી મનોમન પ્રાર્થના થઈ.

ઘા મોટો હતો. અંદરથી પરૂનો ધોધ વહી રહ્યો હતો. ગઇકાલ જેવોજ ને જેટલો જ બગાડ આજે નીકળી રહ્યો હતો. વેદના અસહ્ય હતી એ ભારે વેદના સામે માતાજીએ

ખૂબ ટક્કર ઝીલી.

બપોરે ૨ થી ૩ ફરી ગ્લુકોઝનો બાટલો ચઢાવ્યો. ત્યારબાદ લગભગ ૪ વાગ્યે ગ્લુકોઝનું રીએકસન શરૂ થયું. સખત ઠંડી ને ધ્રુજારી શરૂ થઈ. તરત જ ડૉકટરોની ટ્રીટમેન્ટ અપાતાં લગભગ અર્ધોકલાક પછી માતાજી સ્વસ્થ થઇ ગયાં. ઠંડી ને ધ્રુજારી એકાએક અસહ્ય થઈ; સ્વસ્થ થયા પછી માતાજી કહેવા લાગ્યાં, "જાણે છેલ્લી ઘડી આવી હોય એવું અનુભવ્યું."

સાડાપાંચે મુલાકાતીઓ આવ્યા, પૂ. શ્રીએ સૌને બારણામાંથી જ માતાજીનાં દૂરથી દર્શન કરવા દીધાં.

સવારે ડ્રેસીંગ સમયે માતાજીનું દર્દ જોઇને પૂ. શ્રી લાગણીવશ થઇને અસ્વસ્થ થયા. જેથી ભોજન માટે ખાસ રૂચિ ન બતાવી. નાસ્તા જેવું કરીને ઊઠી ગયા. ગઈ રાત્રે માતાજીના ઓપરેશન બાદ પણ એવા જ સંવેદનશીલ સ્વભાવને લઇને પૂ. શ્રીએ ફક્ત દૂધ જ લીધું હતું.

પૂ. શ્રી યોગેશ્વરજી ની સાથે રહેવાનું સદ્ભાગ્ય ૧૯૭૯ ના નવેમ્બરની આઠ તારીખથી મળ્યું છે, તો પૂ. શ્રી જે જે ભોજનમાં લે, તેજ લેવાનું અથવા પૂ. શ્રી ભોજન ન લે તો ન લેવું એવો સહજ સ્વભાવ શરૂ થયો છે. એના કારણે ઘણીવાર કંઇક મને પણ ખવડાવવા પૂ. શ્રી ની પોતાની ઇચ્છા ન હોય છતાં થોડું લે છે, પવિત્ર પ્રેમભાવની એજ રીત જ છે, પોતાની પ્રિય વ્યકિતનું સમગ્ર રીતે ધ્યાન રાખવું એ પ્રથમ પગથિયું છે.

મોડી રાત્રે ડૉકટરો વિઝીટ ઉપર આવીને વિદાય થયા તે પહેલાં પૂ. શ્રી એ હળવો નાસ્તો લીધો.

આજે એક નવી વાનગી હતી, મારાથી કહેવાઈ ગયું કે સારી છે, તો લો ? પૂ. શ્રી કહે, "મારી કસોટીમાં જલ્દી-પાસ થાય એવું નથી. અમારી કસોટીમાં મોડા પાસ થાય પણ તે ભવિષ્યમાં પાણીદાર નીવડે, જ્યારે તમારી કસોટીમાં બધા જલ્દી પાસ થાય. અમારી જી. ટી. બોર્ડીંગમાં ૭૦ ટકા વાળાને જ પ્રવેશ મળતો."



મેં પૂછ્યું, "તમે કસોટીના માપદંડમાં આટલા કડક છો તો હું કેવી રીતે પાસ થઇ આટલી જલ્દી ?" તો પૂ. શ્રી કહે, "તમને પણ પાસ થતાં દશ વરસ લાગ્યાં ને !"–"હા, એ તો ખરૂં જ ને વળી ?"

ડૉકટરો વિદાય થયા. શ્રી નારાયણભાઈને પોતાની ગાડીમાં લઇ જવા ડૉકટર કોઠારી ઊભા હતા, અને કહેતા હતા નારાયણભાઇને કામ હોય તો રોકાવામાં મને વાંધો નથી. પૂ. શ્રી કહે, "ના, ના એમને હવે કોઈ કામ બાકી રહેતું નથી. એઓ તો બીજી નોકરીનું કામ કરવા તૈયાર હતા. પણ મેં કહ્યું ના, હવે એને બદલે ઇશ્વરનું–અધ્યાત્મની સેવાનું જ કામ કરો."

ડૉ. શ્રી કોઠારી કહેવા લાગ્યા, "મને તો પૂ. શ્રી કામ છોડવાની ના કહે છે તમે તો કામ કરો એમ કહે છે."

ડૉ. કોઠારીની વાત ઉપરથી ખ્યાલ આવે છે કે પૂ. શ્રી દરેકને પોતાની રીતે જે જે યોગ્ય લાગે તે પ્રમાણે સૂચનો આપતા હોય છે, કારણ કે દરેકનાં કાર્યક્ષેત્ર અલગ હોય છે. જે પ્રકારના કાર્યથી વ્યકિતનું મંગલ હોય, તે પ્રમાણે પૂ. શ્રી તેને સૂચન કરે છે.

માતાજીની દરેક પ્રકારની સેવા કરવા પૂ. શ્રી સતત તૈયાર રહે છે, ને કરે પણ છે. હરિ ૐ (ક્રમશઃ)

પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીની

# પાંચમી પૂણ્યતિથિ–કેનેડામાં

સુરેશભાઈ શાહ-કેનેડા

જીવનના કેટલાક દિવસો, એ દિવસોની કેટલીક પળો ધન્ય હોય છે, અવિસ્મરણીય હોય છે અને મન તેમજ આત્માને અલૌકિક ભાવોથી ભરી દેનારી હોય છે આવોજ એક દિવસ ૧૮ માર્ચ, ૧૯૮૪ ને રવિવારનો હતો કે જ્યારે પૂ શ્રી મુંબઈમાં કાંદિવલીના લક્ષ્મીનારાયણના મંદિરમાં "ભાગવત" ઉપર મનનીય પ્રવચન આપતા હતા અને રાત્રિની એ પાવન પળોમાં "જીવ જ્યાંથી આવે છે ત્યાં પાછો જાય છે ત્યારે જ તેની યાત્રાની પરિસમાપ્તિ થાય છે" તે છેલ્લા શબ્દો સાથે પૂ. શ્રીએ પૂ. મા સર્વેશ્વરી તથા યોગેશ્વર પરિવારના અસંખ્ય સાધકોની વચ્ચે જ પોતાના પાર્થિવતનુનો પરિત્યાગ કર્યો હતો. આપણે સૌ તો ધન્ય દિવસને પૂ. શ્રીના સૂક્ષ્મ પ્રાકટ્ય-દિવસ માનીને ઉજવીએ છીએ અને તેમને અંતરની અંજલિ, પ્રેમનાં પુષ્પો અને શ્રદ્ધાના શ્રીફળ અર્પીએ છીએ. પૂ. શ્રી તે દિવસથી આપણી સાથે જેમ દિપકમાં જ્યોતિ રહેલી છે, વાદળમાં વરસાદ, અને ચંદ્રમાં શીતળતા રહેલી છે તેમ આપણી સાથે જ રહેલા છે.

પૂ. યોગેશ્વર ધ્યાનકેન્દ્ર ટોરોન્ટો, કેનેડાએ પણ પાંચમો પ્રાકટ્યદિન તેજ દિવસે ટોરન્ટોમાં ઉજવ્યો.

૧૮ મી માર્ચ, શનિવાર સાંજના ૭-૦૦ વાગે સૌ સાધક ભાઈબહેનો બહાર બરફ પડતો હોવા છતાં સમયસર શ્રી જયંતિભાઇ પટેલને ઘેર આવી જાય છે. આજે પૂ. શ્રીનું જીવિત કદનું સ્વરૂપ શ્રી જયંતિભાઈને ઘેર લાવેલ હોવાથી પ્રસંગના આયોજન માટે તેમનું નિવાસસ્થાન પસંદ કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં ભાગ લેવા કોર્નવોલથી શ્રી નંદુ-



ભાઇ અને અરુણભાઈ પણ ઉપસ્થિત થયા છે. વાતાવરણ ધીમે ધીમે ઉત્તેજીત થઇ રહ્યું છે પૂ. શ્રી ને સુખડનો હાર તથા પુષ્પોનો હાર પહેરાવવામાં આવ્યો છે. પૂ. 'મા' સર્વેશ્વરી ભારતમાં ખૂબ જ પ્રવૃત્તિશીલ હોવા છતાં ટેલીફોન-થી કેનેડાના સૌ સાધકભાઈબહેનોને અંતરના આશીર્વાદ પાઠવે છે. અને કાર્યક્રમના આયોજનની માહિતી મેળવી કાર્યક્રમની સફળતા માટે આશીર્વાદ આપે છે. શ્રી અશોક-ભાઇ પાઠક પૂ. શ્રીની પાદુકાનું શાસ્ત્રોકતવિધિથી યજમાન દંપતિને પૂજન કરાવે છે–દરમ્યાનમાં ગુરુ ૐ ગુરુ ૐ ની ધૂન મંજીરા, ઢોલક અને ખંજીરાના અવાજથી વાતાવરણને ભરી દે છે. સાથે જ સૌના મનમાં ભાવ જાગે છે. અને સહજભાવે ભજન ગવાય છે-

મંદિર તારું વિશ્વ રૂપાળું, સુંદર સર્જનહારા રે,
પળપળ તારાં દર્શન થાએ, દેખે દેખન હારા રે,
મંદિરમાં તું કયાં છૂપાયો, શોધે બાળ અધીરાં રે!

પૂજાની વિધિની સાથે સાથે શ્રી અશોકભાઈ ગુરુપૂજન શા માટે, આજના પૂજનનું શું મહત્ત્વ છે અને પૂજય શ્રી આ ક્ષણોમાં આપણી સાથે જ છે, આપણી વચ્ચે જ છે તેમ ભારપૂર્વક જણાવે છે અને તે દરમ્યાન ફૂલના હારમાંથી એક પુષ્પ આપોઆપ દોરામાંથી નીકળીને નીચે પડે છે. સૌ ભકતો તેની નોંધ લે છે એ પુષ્પ પૂજ્ય શ્રીની પ્રતીતિ કરાવે છે, એ પુષ્પ પૂ. 'મા' ની શ્રીપ્રભુ સાથેની હાજરીનું સુચક છે. એ પુષ્પ ટોરોન્ટો ધ્યાનકેન્દ્રના સાધક ભાઈબહેનોની પૂ. શ્રીમાં રહેલી શ્રદ્ધાને વધુ સબળ બનાવે છે. પાદુકા પૂજન માટે શ્રી અશોકભાઈ ત્રાંબા કે ચાંદીના વાસણનો આગ્રહ રાખે છે અને તે દરમ્યાનમાં–

ગુરુર્બ્રહ્મા ગુરુવર્ષ્ણિ ગુરુર્દેવો મહેશ્વર,......વિગેરે શ્લોકો બોલાય છે. "રામ તમે ઘનશ્યામ તમે છો, શાંતિપ્રદાયક બુદ્ધ છો, યોગેશ્વર, જ્ઞાનેશ્વર રૂપે દિનબંધુ દીનાનાથ છો,"

"વરદ હસ્ત પ્રભુ તમારો સદાય રહેજો જીવન સહારો," "શરણું લીધું સંત તમારું, ધન્ય બન્યું છે જીવન અમારું," આંખ મારી ઉઘડે ત્યાં સીતારામ દેખું." ભજનો ગવાય છે, વાતાવરણ ખૂબ જ ભાવમય અને તન્મય બની ગયું છે. કોઈને સમયની ખબર નથી, આંખો બંધ, મન પ્રભુ સાથે જોડાએલું અને ખૂબજ સહજતાથી અને અંતરના અવિરત પ્રેમથી આયોજન આગળ ચાલે છે. ચાંદીના વાસણોમાં, પાણીમાં ગુલાબજળ સાથે પાદુકાને અભિષેક કરવામાં આવે છે. દરમ્યાનમાં "માનસપૂજા" અને પૂ. શ્રી યોગેશ્વર સ્તવન માળાનાં ૧૦૮ નામનું સ્મરણ કરવામાં આવે છે. હવે વ્યકિતગત પૂજન શરૂ થાય છે. આજના કાર્યક્રમની વિશેષતા એ છે કે નાનાં, મોટાં બાળકો પણ મા-પ્રભુનું વ્યકિતગત પૂજન ચંદન, પુષ્પ અને નમસ્કારથી કરે છે. ખૂબ જ ભાવપૂર્ણ રીતે કાર્યક્રમ આગળ ચાલે છે અને થોડાં ભજનો ગવાય છે.

યોગેશ્વર યોગેશ્વર યોગેશ્વર કોણ છે ? મંદિરીયાં સૂનાં હે પ્રભુજીના દર્શન વિના, જેને માન નથી અપમાન નથી એવા સંતને કોટિ પ્રણામ હજો, લગભગ ભજન અને ધૂનનો કાર્યક્રમ હવે પૂરો થાય છે. સૌ પોતપોતાનાં સ્થળે ઊભા થઈ ઊંડા પ્રેમ, આદર અને ભાવ સાથે અગિયાર નમસ્કાર સમૂહમાં કરે છે, પછી પૂ. શ્રીની અને પૂ. માની આરતી થાય છે, શાંતિપાઠ પૂ. શ્રીના ( ટેપ ઉપર ) શબ્દોમાં સૌ સાથે કરે છે. ત્યારબાદ પ્રસાદ અને અલ્પાહાર લઈ સૌ વિખરાય છે. લગભગ કાર્યક્રમ સાંજના ૭-૦૦ થી ૧૧-૦૦ વાગ્યા સુધી એકધારો ચાલે છે સમય, સ્થળ અને ઘરને સૌ ભુલી જીવનને કૃતકૃત્ય કર્યાના આનંદ અને સંતોષ સાથે સૌ વિદાય લે છે.

પૂ. માના વ્રત અને તપને શીઘ્ર સફળતા મળે તેવી અંતરની પ્રાર્થના પૂ. શ્રીને સૌ કરે છે. અને મા-પ્રભુના ચરણોમાં ભવોભવ બેસવાનું મળે તેવી પ્રાર્થના કરે છે. હરિ ૐ



# સુખદ સ્મૃતિ

તંત્રી

આ સંસારમાં જન્મ અને મરણનું ચક્ર તો કાળની ગતિ પ્રમાણે ચાલ્યાં કરે છે. એમાં જે લોકો માનવ દેહ પામી કંઈ સારૂં કરી જાય છે, સત્કર્મોની સુવાસ મૂકી જાય છે, તેમને લોકો યાદ કરે છે.

શ્રી હીરાલાલ ગોકલદાસ દોશી પણ એવાજ એક સત્કર્મ પરાયણ વ્યક્તિ હતા. તા. ૬-૨-૮૯ ના રોજ ૯૨ વર્ષની જૈફવયે એમનો સ્વર્ગવાસ થયો.

તેઓ ભૌતિક રીતે ઘણી પ્રતિષ્ઠાયુકત લેન્ડ મેનેજર, બોમ્બે પોર્ટટ્રસ્ટની પોસ્ટ ઉપર આવનાર પહેલાજ ભારતીય હતા. છતાં સ્વભાવે ઘણા નમ્ર ને ધર્મ પરાયણ હતા.

તેઓશ્રી પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પરિચયમાં સને ૧૯૫૧ માં શ્રી ચંપકલાલ વોરાને લીધે આવ્યા. તેઓ તેમનાં પત્ની કનકબેનના સગા થતા હતા.

સને ૧૯૫૨ માં પૂ. શ્રીના નાસિકના કઠોર ઉપવાસો પછી મુંબઈમાં શાન્ત ઉતારાની આવશ્યકતા હતી. શ્રી દોશી સાહેબે તે વખતે વાલકેશ્વર ખાતેની ખીમજી જીયા સેનેટેરિયમ મેળવી આપવામાં અમને ઘણી મદદ કરેલી. તે પછી પણ, એના ટ્રસ્ટીઓ સાથેના પરિચયોને લીધે, તેઓ આ સેનેટેરિયમ મેળવી આપવામાં ઘણા ઉપયોગી થતા રહેતા.

પૂ. શ્રી યોગેશ્વરજી પૂ. માતાજી સાથે બેએકવાર તેઓના મરીન ડ્રાઇવ ખાતેના ઘરે પણ ઉતરેલા.

શ્રી બચુભાઈ ડ્રેસવાળાનો પૂ. શ્રી સાથેનો પ્રથમ મેળાપ

કરાવવામાં તેઓ નિમિત્તરૂપ બનેલા. તેના પરિણામે પૂ. શ્રીનો ઉતારો પાછળથી પ્રેમ કુટિરમાં થતો રહેતો.

પૂ. શ્રીએ લખેલા બાળ કાવ્યોના 'રશ્મિ' સંગ્રહને શ્રી હીરાભાઇ દોશીએ પોતાના ધર્મપત્ની સ્વ. શ્રી વિદ્યાગવરીની સ્મૃતિમાં છપાવી પ્રસિદ્ધ કરેલ.

પાછલાં વર્ષોમાં તેઓ શારીરિક રીતે અશક્ત થઇ ગયેલા, પરંતુ તેમનો પૂ. શ્રી પ્રત્યેનો આદર ભાવ ને શ્રદ્ધા એવાંજ રહેલાં. પૂ. શ્રીના જૂના ચાહકો ને ભકતો શ્રી હીરાલાલભાઈ દોશીને યાદ કરે એ સ્વાભાવિક છે. કારણ કે એઓ સુખદ સ્મૃતિ મૂકતા ગયા છે.

GARGI ENGINEERING ENTERPRISES
6. Basant Cinema Building,
Dr. C. Gidwani Road,
Chembur, Bombay-400 074.
Phone : 551 3724-551 1370
555 0386
Grams : 'GARSULF'-Bombay-71
Telex : 011-72181 FLUX IN



## ઓરે, યોગેશ્વર–મા

(ધૂન)

ઓરે યોગેશ્વર મા,
મા સર્વેશ્વરી પાસે જા.
તે માગે છે તારી ધા,
તેને પ્રેમનો પ્યાલો તું પા...ઓરે-૧

ઓરે યોગેશ્વર મા,
તેને હેતે હરિ રસ પા...ઓરે-૨

ઓરે યોગેશ્વર મા,
મા સર્વેશ્વરી પાસે જા,
તેનો સાચો સુકાની થા,
તેની નાવડી ઉગારવા જા....ઓરે-૩

ઓરે યોગેશ્વર મા,
મા સર્વેશ્વરી પાસે જા.
તેનું કહ્યું તું માની જા,
પ્રભુ-વ્હેલો તું પ્રકટી જા...ઓરે-૪

ઓરે યોગેશ્વર મા,
મા સર્વેશ્વરી પાસે જા.
તારા ભકતોની વ્હારે તું ધા,
તેને દર્શન કરાવતો જા...ઓરે-૫

દુર્લભભાઈ ભક્ત સ્યાદલા,

—✻—

## સાર

‘ કર ભલા, હોગા ભલા, ’
એમાં બધું, આવી ગયું,
જેણે કર્યું બસ આટલું,
તેણે ખરે કામણ કર્યું.

પાપ પર-પીડન વિષેને,
પુણ્ય પર-ઉપકારમાં,
ધર્મ વ્યવહારે સરલ,
અધર્મ કુટીલ ચાલમાં.

સત્યનો આચાર નીતિ,
એથી વિપરીત તે અનીતિ,
અન્તરાત્માના અવાજે,
ચાલવું જીવન-રીતિ.

જાણવા જેવું જગે,
ઝાઝું, પરન્તુ જીવવા,
આટલું માનો અलम्,
પિતા પરમને પામવા.

સાર આ સંસાર ને,
જીવન મહીં શિખ્યા ‘ અનામી ’
શેરડે સીધે ચલો,
સંભાળ રાખે વિશ્વ-સ્વામી.

‘ अनामी ’

ડૉ. રણજીત પટેલ

*



# દિવ્ય અવસર-૨

-કલ્યાણ

પ્રભુકૃપાથી જેઓને સત્સંગ પ્રતિ પ્રીતિ પ્રકટી છે તેઓ મુંબઈના એ મંગલ મહોત્સવની ધન્યતાને નહીં વિસરી શકે. આજે સૌએ એક જે અનોખો લ્હાવો માણ્યો તે સદ્ગુરુ-દેવના પ્રત્યક્ષ દર્શનનો! જેઓએ પૂ. શ્રીને મંચ ઉપરથી પ્રવચન આપતા જોયા છે તેઓના અંતરમાં એ મંગલ નિધાન મનોહરમૂર્તિ કોતરાઈ ગઈ છે. તેઓ જ્યાં બિરાજતા ત્યાં વૈકુંઠ પ્રકટી જતું. વૈકુંઠમાં પ્રભુના દર્શન સિવાય બીજું શું હોય? જેઓના નેત્રો એ પુરુષોત્તમના દર્શનથી ધન્ય બન્યા છે તેઓ તેમના દિવ્યરૂપ ગુણના શું ગુણગાન ગાઈ શકે? બસ પ્રભુ એટલે પ્રભુ! મધુરાધિપતે રખિલમ્ મધુરમ્ જેમને જેમને એ શ્રી ચરણોની સુખદ સંનિધિ સાંપડી તેઓ એ પાવન ચરણામૃતના પાનથી જાણે જીવનની દિવ્ય તૃષાની તૃપ્તિ અનુભવી લીધી! એમણે પ્રકટાવેલી પ્રેમ અને કરુણાની ભાગીરથી આજે પણ પ્રેમીજનોના અંતરમાં એવીજ વહી રહી છે. આજનો દિવ્ય અવસર એનો સાક્ષી છે અને ખરે-ખર સાક્ષીગોપાલ બનીને આજે પ્રભુ ટી. વી. ના પડદે પકટ્યા! વિજ્ઞાનના એ ચમત્કારને નમસ્કાર કર્યા વિના નહિં રહી શકાય કે જેણે અનેક પ્રેમીજનોને પોતાના પ્રિયતમ પ્રભુના દિવ્ય દર્શનનો લ્હાવો બક્ષ્યો. એજ મધુરતા, એજ પ્રેમમસ્તી, એજ પ્રશાંત પારાવારમાં ઉઠતી દિવ્ય સ્મિત લહરીઓ, અને પ્રેમના જાદુથી અંજાયેલી એજ આંખો! ઘણા દીર્ઘ સમય પછી પ્રભુના એ ભાવલટકાઓ પર જાણે વારી જવાયું! પ્રવચન પણ કેટલું પ્રસંગોચિત હતું! પ્રવ-

ચનના અંતે ગવડાવેલી ધૂનમાં જ એનો સાર સમાઇ જતો હતો:-

રાધેશ્યામ, રાધેશ્યામ, બોલો બોલો રાધેશ્યામ,
બે દિવસની જિંદગીમાં માથાકુટ શું કામ !
લઈ લો શ્રી હરિનું નામ-બોલો બોલો રાધેશ્યામ.
તડકા છાંયા જેવી છે આ જન્મમરણ જંજાળ,
ફરીને નહિં મળે અવતાર-બોલો બોલો રાધેશ્યામ.
ખાલી હાથે આવ્યા જગમાં, ખાલી હાથે પાછા જવાના,
કરી લો કાયાનું કલ્યાણ, બોલો, બોલો, રાધેશ્યામ.

આજ સારગર્ભિત બ્રહ્માનંદજીનું ભજન પણ પૂ. શ્રીને પ્રિય હતું, જેનો તેમણે ગુજરાતી પદ્યાનુવાદ કર્યો હતો.

બે દિનનો જગમાં મેળો, આ આવાગમનનો ફેરો,
કોઇ ચાલ્યા ગયા, કોઇ જાયે, કોઇ ગઠરી સહિત સિધાવે,
કોઈ ઊભો તૈયાર અનેરો, આ આવાગમનનો ફેરો. ૧
કરી પાપ કપટ છલ માયા, ધન લાખ કરોડ કમાયા,
સંગ આવે ન એકે થેલો, આ આવાગમનનો ફેરો. ૨
સુત, માત, તાત, પિતુભાઇ, નથી અંત સહાય કાંઇ,
ભરે ભાર પાતક કેરો, આ આવાગમનનો ફેરો. ૩
નશ્વર છે આ સંસારા, કર ભજન પ્રભુ તણું પ્યારા,
બ્રહ્માનંદ પીટે ઢંઢેરો, આ આવાગમનનો ફેરો. ૪

"પ્રભુ દર્શન"નો આજનો કાર્યક્રમ સૌમાં મુકુટમણિ સમાન રહ્યો, એ માટે આયોજકોને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે.

આજે તા. ૧૯-૩-૮૯ એક દિવસની શિબિર માટે પ્રેમી ભકતોએ પૂ. માનો દરબાર પુષ્પોના શણગારથી સજાવ્યો



છે. આસન એવું કળામય સજાવ્યું છે કે પૂ. મા જ્યારે આસન પર બિરાજ્યાં ત્યારે એવું લાગ્યું કે જાણે રાજરાજેશ્વરી ઝુલા પર ઝુલી ન રહ્યાં હોય! રંગમંચ પર પૂ. મા જ્યારે પધારે છે ત્યારનું દર્શન વિરલ હોય છે. પાંચ પાંચ વર્ષના આકરા તપે તપી રહેલા એ શરીરમાંથી રુધીર-માંસ તો ક્યારનુંય પ્રભુ દર્શનના યજ્ઞમાં હોમાઈ ગયું છે! હવે તો દધિચિ-ઋષિની જેમ અસ્થિ પિંજરને પણ પ્રભુ જાણે માગી રહ્યા હોય એવું લાગે છે! અને પૂ. મા એ અસ્થિ પિંજરની પણ દરકાર કરતાં નથી. પ્રભુના કામ માટે એને જ્યાં ત્યાં ફંગોળતાં રહે છે. શરીર એટલું તો કૃશ થયું છે કે જ્યારે આસન ગ્રહણ કરવું હોય ત્યારે શરીરના ભાગોને ગોઠવવા પડે છે.

આપણે સૌ જોઇએ છીએ કે પૂ. મા જ્યારે આસન ગ્રહણ કરે છે ત્યારે મુલાયમ ગાદી ઉપર પણ બેસવાની તકલીફ અનુભવે છે. આજ શ્રીવિગ્રહને જ્યારે મંચ ઉપરથી પ્રવચનનું ગાન કરતાં જોઇએ ત્યારે આપણે ભૂલી જ જવું પડે છે કે આજ મા સર્વેશ્વરી કે બીજુ કોઇ! એક અદ્ભુત ચેતનાના ચમકારા ત્યાં ચમકી રહે છે. એ વાણીમાં જે પ્રાણ પ્રકટે છે, એની દિવ્યતા સૌએ અનુભવી છે. આજે પ્રશ્નોત્તરીના કાર્યક્રમમાં જેઓએ જે કંઇ જાણ્યું, માણ્યું તેનું તેમનું અંતર સાક્ષી છે. પૂ. માએ પૂ. શ્રીની જે જે ઉજ્જવળ પરંપરાઓ જાળવી છે, તેમાં પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ એક છે. પૂ. શ્રીના એ કાર્યક્રમની મધુરતા અને રસિકતા માણવાની મોજ કંઇ ઓરજ હતી; પરંતુ આજે પણ પૂ. શ્રી પૂ. મા દ્વારા એજ મધુરતા ને રસિકતાની છોળો રેલાવી રહ્યા છે. પૂ. માના કાર્યક્રમો હવે વર્ણવાની વાત રહી નથી, માણ્યા સિવાય તે જાણી નહિં શકાય. પ્રશ્નોત્તરીના કાર્યક્રમ

વખતે જે પ્રેમાનંદની છોળો ઉડી તેને લાખ પ્રયત્ને પણ કેમ વર્ણવી શકાય? પ્રત્યક્ષ નહિ પણ પરોક્ષ પણ સુધાપાન એ સુધાપાન જ છે. ચાલો ત્યારે, આપણે પણ એનો આસ્વાદ માણી લઈએ.

પ્રશ્નોત્તરી

પ્રશ્નઃ-૧ માણસ સત્સંગમાં જાય ત્યારે બધું સાંભળે છે, પણ પછી ટકતુ કેમ નથી? કેમ અસ્વસ્થ રહે છે?

પૂ. માઃ-આ ભાઇનો પ્રશ્ન બધાનો છે. બાળકને ભણવા બેસાડીએ ત્યારે સીધા પી. એચ. ડી. ના વર્ગમાં બેસાડતા નથી. ક્રમે ક્રમે તેનો વિકાસ થાય છે. આધ્યાત્મિક જગતમાં કથા, વાર્તા દેવદર્શન એ બાલમંદિરનું શિક્ષણ છે. તેમાં રસ પડે, ન પડે તોપણ એ એકડો તો ઘુંટવો જ પડશે. જો તે સત્સંગમાં ડાહ્યો રહેતો હશે તો કાળક્રમે વ્યવહારમાં પણ ગાંડપણ છોડી, ડાહ્યો થતો જશે. પછી ઘરમાં પણ મંદિરનાં દર્શન થશે. ઘરમાં સૌ દેવસ્વરૂપો જેવાં લાગશે. જોકે આ બધું અઘરું છે. સત્સંગમાં રચ્યા પચ્યા રહેતાં સાધુઓ પણ ક્રોધ છોડી શકતા નથી. છતાં કરોળિયાની જેમ પ્રયત્નો કદાપિ છોડશો નહિ.

પ્રશ્નઃ-૨ આપની અનુભૂતિનો સાક્ષાત્કાર કરાવો.

પૂ. માઃ-શીરાનો સ્વાદ જે ખાય તે જ માણે. ગોળના સ્વાદનું વર્ણન નહીં થઇ શકે, તે ખાવો જ પડે. અનુભૂતિનું એવું જ છે. પ્રભુના પંથ પર મક્કમતાપૂર્વક ડગલાં માંડશો એટલે પ્રભુ જરૂર અનુભૂતિ આપશે. જાગૃત બનો, નિયમો પાળો, વ્રતોને વળગી રહો. અહીં તો જે લુંટાવે છે તેજ પામે છે.

સુતવિતદારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને,



તીરે ઊભા જુએ તમાસો, તે કોડી નવ પામે જોને.

માટે ઝુકાવો, અમારી જેમ. તમેય પામશો, પછી કોઇને પૂછવું નહીં પડે.

પ્રશ્નઃ-૩ પૂ. શ્રીના દર્શન કરવાની પ્રેરણા કેવી રીતે થઇ?

પૂ. માઃ-જો ભાઇ, અમે ગ્રંથ ગરબડ કરવામાં માનતાં નથી. મંડી પડવું એ અમારો સ્વભાવ છે. કયારે, કેમ, કેવી રીતે થયું તેનું કલેન્ડર રાખવાની અમને ટેવ નથી. અમને ગમ્યું, એ અમારા અંતરે સ્વીકારી લીધું. પાવક-જવાળાસમા પ્રેમપંથ પર કયારે પગલાં પડયાં તેના ઇતિહાસને કોઈ આદિ કે અંત નથી.

પ્રશ્નઃ-૪ પ્રભુનો કૃપા પ્રસંગ વર્ણવો.

પૂ. માઃ-અમે જીવીએ છીએ એજ પ્રભુની કૃપાનો પ્રત્યક્ષ પુરાવો છે. અમારી પડખે અમારા પ્રભુ ઊભા છે. એટલે અમારા આ આકરાં વ્રતો અને ઉપવાસો ચાલી રહ્યા છે. અમને વારંવાર અનુભૂતિઓ આપીને, ધીરજ અને હિંમત આપી રહ્યા છે. ન માન્યમાં આવતું હોય તો અમારી સાથે આવીને રહો અને જુઓ. અમારુ જીવન જાહેર જીવન છે. ખાત્રી કરો, પરીક્ષા કરો અને જુઓ કે પ્રભુકૃપા જીવનમાં કેવા ચમત્કાર સર્જે છે. પૂ. શ્રીની વિદાય પછી આ પૃથ્વી પર ટકી રહેવા માટે અમારી પાસે કોઈ કારણ ન હતું. સ્થૂળ વિદાય લઇને તરત જ સૂક્ષ્મરૂપે પ્રકટીને આજે એ હજાર હાથે અમારી રક્ષા કરી રહ્યા છે. અમારું શરીર સ્વસ્થ નથી, આજે બપોરે પણ તાવ હતો, છતાં અત્યારે ચાર વાગ્યે તમારી સામે એ શરીર બેઠું છે. અવાજ ઉપરથી તમને લાગે છે કે આ શરીરને કંઇ થયું હોય! આજ અમારા જીવનનો પ્રભુ-કૃપાનો મહાન ચમત્કાર છે.

પ્રશ્ન ૫:–આપણે પૂજામાં બેઠા હોઇએ, મંત્ર જાપ કે માળા કરતા હોઇએ ત્યારે કોઇ સંત પધારે તો શું કરવું ?

પૂ. મા:–સંત તુકારામ કહે છે કે પૂજા કે માળા અધૂરાં મૂકી સંતનું સ્વાગત કરવું જોઇએ. 'ન જાને કિસ બેસમેં નારાયણ મીલ જાય!' તમે જેની પૂજા ને માળા કરી રહ્યા છો એજ તમારા ઇષ્ટદેવ કદાચ આ રૂપ ધરીને પણ આવ્યા હોય ! આંગણે આવેલા અતિથિનો તિરસ્કાર કરીને પૂજાનો દંભ ન કરતા. પૂજા પણ જીવંત હોવી જોઈએ. (પૂ. મા પૂ. શ્રીનું જે સ્વરૂપ હમેશાં સાથે રાખે છે તે તરફ અંગુલિનિ-દેશ કરતાં કહે) આ સ્વરૂપમાંથી અમને પ્રકાશ લાધ્યો છે. ચૈતન્યની અનુભૂતિઓ મળ્યાં જ કરે છે. હા, એટલું જરૂર ધ્યાન રાખશો કે ભૌતિક કારણોને વશ થઈ પૂજા કે ધ્યાન છૂટી ન જાય. નિયમોને વફાદાર રહીને વળગી રહો. મનને એવું ચંચળ ન બનવા દેજો કે નજીવા બહાનાં બતાવી આપણા વ્રતોને ડગાવે.

પ્રશ્ન ૬:–કોઇ વ્યક્તિ પ્રસંગે આપણને ભોજનનું આમંત્રણ આપે અને તે આપણે સ્વીકારીએ તો ઋણાનુબંધ બંધાય ?

પૂ. મા:–જો તમે બહારનું કે બીજાનું ન જમવાનો નિયમ લીધો હોય તો છોડશો નહિ. પણ પ્રભુનો પ્રસાદ જરૂર સ્વીકારશો, તેની અવગણના કરશો નહિ. ઋણાનુબંધને કોઇનું છીનવી લેવા સાથે, કે કોઇની આસક્તિ સાથે સંબંધ છે. અનાસક્ત, નિર્મળ પ્રેમભર્યો સંબંધ મુક્ત જ છે.

પ્રશ્ન ૭:–શા માટે સંસારમાં ડૂબકાં ખવડાવો છો ?

પૂ. મા:–આ સંસાર સંબંધ કર્મને આધીન છે. જ્યાં સુધી કર્મોના ઋણાનુબંધ છે ત્યાં સુધી તેને ભોગવવા ડૂબકાં



ખાવા પડે. આ પ્રશ્ન પૂછનાર પોતાના અંતર આત્માને પૂછે કે ખરેખર સાચા અર્થમાં વૈરાગ્ય જાગ્યો છે ? પણ હવે જલ્દી જાગી જાઓ. "તું અલ્યા કોણ ને કોને વળગી રહ્યો ? સમરને શ્રી હરિ, મેલ મમતા પરી, જોને વિચારી મૂળ તારું." જો આપણે પ્રભુને વળગી રહીશુ તો તે ડૂબ-વાની પરિસ્થિતિ છતાં ગજરાજની જેમ આપણને ઉગારી લેશે. બાકી અમે તો હાથ પકડવા તૈયાર જ છીએ, લંબાવો તો ખરા !

પ્રશ્ન ૮:–ધ્યાનમાં સાધુઓનાં દર્શન થાય છે તો શું સમજવું ?

પૂ. મા:–ધ્યાનમાં સાધુઓનાં દર્શન એ આપણે જે સાધના પંથે ચાલી રહ્યા છીએ, તે સાચો છે તેમ બતાવે છે. સાધુઓનાં દર્શનને લીલીઝંડી સમજી ચિંતા કર્યા વગર પ્રભુપંથે આગળ ધપો.

પ્રશ્ન ૯:–સાંઇબાબાની પ્રાર્થનામાં "આગળથી વંદુ ને પાછળથી વંદુ" તેનો શો અર્થ ?

પૂ. મા:–સાચા પ્રેમભાવમાં કેવી મસ્તી હોય છે તેનો આમાં પડઘો પડે છે. ભાવ જાગી જાય છે ત્યારે વંદનનો કોઇ ચોક્કસ વિધિવિધાન નથી રહેતો. બીજો ભાવ એવોપણ છે કે આપણું પ્રત્યક્ષ અને પરોક્ષ જીવન પણ એકજ હોવું જોઇએ. આગળ આદર્શ અને પાછળ આડંબર એમ નહિ. શ્વાસે શ્વાસે વંદન ભાવ પ્રકટવો જોઇએ. પૂર્ણ ભક્તિભાવ પ્રકટે પછી આગળ પાછળના ભેદભાવ નહિ દેખાય જેવું આગળ એવુંજ પાછળ ! કેવું ઐક્ય !

પ્રશ્ન ૧૦:–મુંબઈના ધમાલ ભર્યા જીવનમાં વારંવાર

અનુચિત સ્પૃશ્ય-અસ્પૃશ્ય સંબંધોમાંથી પસાર થવું પડે છે એવી સ્થિતિમાં પ્રભુ નામ સ્મરણ થઇ શકે ?

પૂ. માઃ–પ્રભુનું નામ સ્મરણ સર્વ અવસ્થામાં કરવું જોઇએ. વ્યવહારુ બનો, આ બધાં મનનાં કારણ છે. બધાને પ્રભુના સ્વરૂપો સમજોને ? સંજોગો પ્રમાણે વર્તતાં શીખોને ! શરદી થઈ હોય તો પછી ગંગામાં પાંચ વખત સ્નાન કરવાની શું જરૂર છે ? માનસિક સ્નાન કરી લ્યો ને ! માનસિક શુદ્ધિ જ સાચી શુદ્ધિ છે.

પ્રશ્નઃ-૧૧ આપનું જીવન પૂ. શ્રી ચલાવે છે. તો પછી પૂ. શ્રી ને ફરીથી પ્રકટાવવા શા માટે ઇચ્છો છો ?

પૂ. માઃ–અમારી એ ઇચ્છા છે. પૂ. શ્રી પ્રકટશે ત્યારે જ અમારી સાધના પૂર્ણ થશે. પછી એ માટે ભલે ગમે તેવા ભોગ આપવા પડે, અરે ! આવાં અનેક શરીરો પડી જાય તો પણ અમે તૈયાર છીએ. અમે એક ધ્યેય લઇને બેઠાં છીએ. તે ગમે તે ભોગે પૂર્ણ કરીને જ જંપીશુ. અમે તો બંસી બનીને પ્રભુને પોકારીએ છીએઃ–

ધરતી પર પેલી બંસી પોકારે
દિવ્ય દર્શન પ્રભુ આપો હવે,
પોલી બનીને પડી છે નીચે,
દર્શન સ્પર્શન ઝંખે છે;
કોઈ પ્રભુને જઈ કહેશો
એકલા ક્યાં સુધી રહેવું ?

આ પ્રશ્નનો જવાબ આપતાં પૂ. મામાં આત્મગૌરવની જે છટાનું દર્શન થયું તેનું વર્ણન શક્ય નથી. ધ્યેયને મૂર્તિ-

( અનુસંધાન પાના ૪૧ ઉપર )



# નામ–જપ

કમલ સુથાર

મનને પરમાત્મામાં એકાગ્ર કરવા માટેના અનેક ઉપાય છે. તેમાંનો એક છે નામ–જપ. આ નામ-જપ બધા ઉપાયોમાં સરળ અને શ્રેષ્ઠ છે. આ ઉપાયને જપ–યોગ પણ કહે છે. શ્રદ્ધાળુ ભક્ત પોતાના ઇષ્ટદેવના નામનું સ્મરણ કરે, સતત સ્મરણ કરે તે જપ–યોગ છે. તેમાં નથી કોઇ આસન કરવાનાં કે નથી કોઈ પ્રાણાયામ કરવાના. અબાલ-વૃદ્ધ સૌ આ નામ–જપ યોગનો સહારો લઇ પોતાના મનને સંસારમાંથી હટાવી પરમાત્મામાં જોડી શકે છે. ને દિવ્યાનંદની પ્રાપ્તિ કરી શકે છે. નામ–જપના સહારે તે વિકટ સંસાર-સાગરને સહેલાઇથી તરી શકે છે.

અનેક મહાપુરુષો નામ–જપના સહારે ભવ-સાગર સહેલાઇથી તરી ગયા છે. ભગવાનના નામમાં દિવ્ય શક્તિ છે. તે અદ્ભુત રસાયણ છે. તેના સેવનથી મનુષ્યના જીવનનું દિવ્ય રૂપાંતર થઇ જાય છે. તેનું આખું જીવન દિવ્ય બની જાય છે. સર્વે ભયોથી સર્વ દ્વન્દ્વોથી તે પર બની જાય છે.

પૂજ્ય સંત શ્રી મોટાએ નામ-જપનો સહારો લઇને જ આત્મ સાક્ષાત્કાર કર્યો હતો. સાધનાની પૂર્વાવસ્થામાં તે આર્થિક અને સામાજિક સમસ્યાઓથી ઘેરાયેલા હતા. પણ તે પુરુષાર્થી અને શ્રદ્ધાળુ હતા. જીવન સંગ્રામમાં તે હિંમત-પૂર્વક ઝઝૂમતા હતા. પણ જ્યારે તેમને ફેફડાનો અસાધ્ય વ્યાધિ લાગુ પડ્યો ત્યારે જિંદગીથી કંટાળી નર્મદામૈયામાં આત્મહત્યા માટે તેમણે ઝંપલાવ્યું. નર્મદામૈયાએ તેમને ડૂબાડ્યા નહીં પણ બહાર કિનારે ધકેલી દીધા. અને તેમને

લાગ્યું કે તેમનું જીવન ભગવાને કોઇ મહાન કાર્ય સિદ્ધ કરવા માટે સર્જ્યું છે. એટલે એક સંતમહાત્માના આદેશથી “હરિ ૐ” નો નામ-જપ શરૂ કર્યો. એટલી બધી શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક તે નામ-જપ કરવા લાગ્યા કે શરીરનું ભાન પણ તે વીસરી જતા. અને ખરેખર આ દિવ્યનામ–જપની–ઔષધિથી તેમને ફેફડાનો રોગ મટી ગયો. પછી તો સદાને માટે નામ–જપ એમના જીવનનો આધાર બની ગયો. નામ–જપની તેમણે ધૂણી ધખાવી. અને એવો દિવ્ય અગ્નિ પ્રજ્વલિત કર્યો કે તેમાં સંસારની સમસ્ત વાસનાઓ જલીને ભસ્મ થઈ ગઈ.

એકવાર તેમને એક ઝેરી સર્પે દંશ દીધેલો. પણ નામ–જપના દિવ્ય રસાયણથી જ તેમના શરીરમાં વ્યાપેલું ઝેર ઉતરી ગયેલું. નામ–જપનો કેવો અલૌકિક પ્રભાવ! નામ–જપના સતત સ્મરણથી તેમણે પોતાનું આખું જીવન દિવ્ય બનાવી દીધેલું. અને લોકોમાં તેમણે નવી ચેતના જાગૃત કરી. માનવતાની આહલેક જગાવી. ઊર્ધ્વારોહરણ માટેની એક અનોખી કેડી તેમણે કંડારી.

મનુષ્ય નામ–જપ સૂતાં-સૂતાં, બેઠાં-બેઠાં કે હાલતાં–ચાલતાં પણ કરી શકે છે. કોઈ માળાથી નામ–જપ કરે છે તો કોઈ માળા વગર. મુખ્ય બાબત છે શ્રદ્ધાની. પૂરી શ્રદ્ધા અને વિશ્વાસથી જો નામ-જપ કરવામાં આવે તો તેનું અલૌકિક ફળ મળે છે. અદ્ભુત સિદ્ધિ મળે છે. ‘जपात् सिद्धिः ।’ સંત કબીરજીએ પણ નામ-જપનો ખૂબ મહિમા ગાયો છે :

‘જગ લડત હૈ તો લડને દે તૂ રામ સમર તૂ રામ સમર.’

જગતમાં નહીં, ભગવાનના નામ–જપમાં તે મન જોડવાનું સૂચવે છે, કારણ કે તેજ સાચું સાધન છે જે મનુષ્યને



શાશ્વતમાં સ્થિર કરે છે. પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે.

ભગવાનને પામવા માટેનું સરળ છતાં અદ્ભુત સાધન છે નામ–જપ. સંત તુલસીદાસે પણ નામ-જપનો સહારો લીધો હતો. તેમનો ગૃહસ્થાશ્રમ ખૂબ સુખી હતો. પણ પૂર્વ-જન્મના પ્રબળ સંસ્કારોને કારણે પત્ની રત્નાવલીની ટકોરથી તેમનો આત્મા જાગૃત થઈ ગયો. તે સંસારની માયા–જાળ તોડી ગૃહત્યાગ કરી ચિત્રકૂટ પર્વત પર પહોંચ્યા. તેમણે અહીં પોતાના ઇષ્ટદેવ શ્રી રામ–નામ–જપની ધૂણી ધખાવી. નામ–જપના દિવ્યશસ્ત્રથી તેમણે સંસારની મોહ–માયાનાં સૂક્ષ્મ જાળાં છેદી નાખ્યાં, ને અંતે પોતાના ઈષ્ટદેવ શ્રીરામનો એમણે સાક્ષાત્કાર કર્યો. તેમનું આખું જીવન રામમય બની ગયું. સર્વમાં સર્વત્ર તે પોતાના ઇષ્ટદેવ શ્રી રામનાં જ દર્શન કરવા લાગ્યા. તેમની દૃષ્ટિ દિવ્ય બની ગઈ. શ્રી રામમય બની ગઇ :

“સિયારામમય સબ જગ જાનિ,
કરહુ પ્રણામ જોરિ જુગ પાણિ ॥”

અને બાદમાં તેમણે હિન્દીભાષામાં “શ્રી રામચરિત-માનસ” જેવા અમર મહાકાવ્યની રચના કરી. નામ–જપના સહારે આ મહાન સંત કવિ શ્રી તુલસીદાસજી અમર બન્યા.

નામ–જપ જીવનને ધન્ય બનાવવા માટેનું ખૂબ સરળ છતાં દિવ્ય અને અમોઘ સાધના છે. જેના સહારે મનુષ્ય પોતાના ઇષ્ટનો સાક્ષાત્કાર કરી શકે છે. આત્મ સાક્ષાત્કાર કરી શકે છે. સંસાર સાગર તરી જાય છે. નામ–જપથી મનુષ્ય પોતાના જીવનને-અમૃતમય બનાવી શકે છે.

---

૭ શિવનગર સોસાયટી, સોસાયટીનગર વિસ્તાર, મુ૦ પો૦ હિંમતનગર–૩૮૩૦૦૧ જિ૦ સાબરકાંઠા (ગુજરાત)

# 'રક્ષા'નો આદર્શ

મહેન્દ્ર ઇ. પંડ્યા

સામાજીક નવલકથામાં લેખક સામાન્ય રીતે પોતાની આસપાસના જીવનમાંથી પ્રસંગો અને પાત્રો લઇ તેમાં કલ્પનાના રંગો પુરી વસ્તુગુંથણી કરે છે. લેખકનો હેતુ કેટલીક વાર વર્તમાન સમાજનું યથાતથ દર્શન કરાવવાનો હોય છે તો કેટલીક વાર અમુક ચોક્કસ સિદ્ધાંતો કે આદર્શોનું કથાદ્વારા સ્થાપન કરવાનો હોય છે. આજ કાલ કેટલીય નવલકથાઓ માત્ર વાચકની રસવૃત્તિને ઉત્તેજીત કરવા રોમાંચક પ્રસંગ પરંપરા યોજે છે, પાત્રોને પણ બહેકાવે છે. પણ એથી ઉચ્ચ પ્રકારના કોઈ જીવન લક્ષી ગંભીર હેતુ નવલકથામાં હોતો નથી. આથી આ મનોરંજક નવલકથાઓ વેચાય છે ખૂબ, વંચાય છે પણ ખૂબ, પરંતુ સ્થૂલ પ્રસંગો પર આધારિત હોવાથી–જીવનની સ્થૂલ વાસ્તવિકતાથી વિશેષ ઉંડાણ એમાં ન હોવાથી–એનું આયુષ્ય લાંબુ હોતુ નથી. અંગ્રેજીમાં જેને Armchair Literature કહે છે, એવા પ્રકારની નવલકથાઓ સમય પસાર કરવા વંચાય છે, અને ભૂલાઇ જાય છે, પરંતુ જીવનના પ્રશ્નોની સમગ્રતયા છણાવટ કરતી 'સરસ્વતી ચંદ્ર' જેવી કૃતિઓ અમર રહે છે. 'જીવન માટે સાહિત્ય' કે "સાહિત્ય માટે જીવન," અથવા નવલકથામાં 'કલાના નામે નરી વાસ્તવિકતાનું નિરૂપણ' આ સર્વ સતત ચર્ચાના વિષયો રહ્યા છે અને એના વિશે વિવિધ અભિપ્રાયો પ્રવર્તે છે. અહીં આપણે શ્રી યોગેશ્વરજી કૃત 'રક્ષા' નવલકથાની વિશિષ્ટતાઓનું દર્શન કરીશું.

શ્રી યોગેશ્વરજી સંત પુરુષ હોવાથી એમના પ્રત્યેક કાર્ય



પાછળ માનવજીવનની ઉન્નતિનો હેતુ જ પ્રધાન છે, આ નવલકથાનો મુખ્ય હેતુ પણ આપણી આર્ય સંસ્કૃતિની એક પરંપરા-'રક્ષાબંધન' ની પવિત્રતાનું સ્થાપન કરવાનો છે. સંસારમાં માતા–પિતા–પુત્ર, ભાઇ–બહેન, પતિ–પત્ની વગેરે સંબંધો ભારતીય સંસ્કૃતિના દૃષ્ટિબિંદુથી પવિત્રતાના પાયા પર રચાયેલા છે, અને એ સંબંધો તથા તેને વ્યકત કરતી વિવિધ પરંપરાઓ પાછળ માનવ જીવનને સુસંસ્કૃત, ઉન્નત, અને સુખી કરવાનો જ પ્રયાસ છે. મહાકવિ ન્હાનાલાલની આ પંક્તિઓ આપણા જીવનમાં રસિકતાનું સ્થાન અને મર્યાદાઓનું ભાન કરાવે છે:–

"ઓ રસતરસ્યાં બાળ! રસની રીત ન ભૂલશો,
પ્રભુએ બાંધી પાળ, રસસાગરની પૂણ્યથી."

આમાં માનવ જીવનમાં રસિકતા અને પવિત્રતાના–પૂણ્યના–સમન્વયનો આદેશ છે. ભારતીય સંસ્કૃતિ પશ્ચિમની ભોગપરાયણતાને સ્થાને જીવનમાં ઉચ્ચ મૂલ્યોને મહત્ત્વ આપે છે. પાશ્ચાત્ય શિક્ષણની અસરને પરિણામે વાસ્તવિકતામાં આ સંબંધો પાછળની ભાવનાઓનો આજે સર્વત્ર લોપ થતો દેખાય છે. એથી સમાજની અવનતિ થાય છે, સમાજજીવનમાં અવ્યવસ્થા ફેલાય છે, અને પરિણામે અનેક સંકુલ અને જટીલ પરિસ્થિતિઓનો વ્યક્તિએ સામનો કરવો પડે છે. આથી જીવનમાં અશાંતિ પ્રવર્તે છે, અને વિવિધ માનસિક સમસ્યાઓથી વ્યક્તિ તથા સમાજ પીડાય છે. આ વર્તમાન પરિસ્થિતિનું આ કથા દ્વારા શ્રી યોગેશ્વરજી દર્શન કરાવે છે, અને સમાજ સામે લાલબત્તી ધરે છે.

આ કથામાં લેખક ગુજરાતી સમાજની યુવાપેઢીમાં પ્રવર્તતા સાંપ્રત પ્રવાહોનું વિશ્લેષણ કરે છે. કથાનો આરંભ

શંશાક અને અમીના પરસ્પરના સંબંધોની ચર્ચાથી થાય છે. કોલેજના અભ્યાસકાળ દરમિયાન એક યુવાન વિદ્યાર્થી–શશાંક અને યુવતી વિદ્યાર્થીની-અમી–નો પરસ્પર પરિચય થાય છે. શશાંક એ આજના કોલેજ યુવાનનો નમુનો છે, જે આરંભમાં યુવતીનો પરિચય ભાઇ–બ્હેનના સંબંધથી કરે છે અને અંતમાં લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. કથાના કેન્દ્ર-વર્તી પાત્રો ત્રણ છે-અમી શશાંક અને ઉમા, અમી એક સંસ્કારી, શિક્ષિત, અને જીવનમાં આદર્શ અને મૂલ્યોનું મહત્ત્વ સમજનાર યુવતી છે, અને એ મૂલ્ય અનુસાર જીવનમાં વર્તન કરવા કૃતનિશ્ચયી છે. એની દ્વારા લેખક એક આદર્શ વિદ્યાર્થીનીનું દૃષ્ટાંત રજુ કરે છે. શશાંક એની સાથેના પરિચયનો આરંભ રક્ષાબંધનથી કરે છે, અને એ રીતે એના કુટુંબમાં પ્રવેશ કરે છે. એ સમયે એ આ સંબંધ માટે નિખાલસ હોય છે, એ એના વર્તનથી સ્પષ્ટ સમજાય છે, પરંતુ પરિચય વધતાં એ અમીના પ્રેમમાં પડે છે, અને અમી સાથે લગ્ન કરવાની પોતાની ઇચ્છા અમી સમક્ષ વ્યક્ત કરે છે, અને અમીનું મન પલટાવવા ખૂબ જ પ્રયાસ કરે છે. અમી દૃઢનિશ્ચયી વ્યક્તિ છે, અને શંશાકના દબાણને વશ થતી નથી. અમી રક્ષાબંધનના–ભાઈ બ્હેનના–પવિત્ર સંબંધનું મૂલ્ય સમજે છે અને આ ભારતીય પરંપરાનો આદર કરે છે. શશાંક પણ આરંભમાં તો આદર્શ પ્રિય યુવાન હોય છે, પરંતુ આસપાસનું વાતાવરણ, એના સ્વભાવની ચંચળતા અને માનસિક નિર્બળતા એના મનનો કબજો લે છે, અને એની વૃત્તિ પલટાય છે. એ અમી પાસે રક્ષા બંધાવવાનું બંધ કરે છે, અને અમીને બ્હેનને બદલે પ્રિયા અથવા પત્ની બનાવી એની સાથે સહવાસનાં સ્વપ્નાં સેવે છે. કોલેજના વાતાવરણમાં પણ એ બંનેનો સંબંધ ચર્ચાને ચગડોળે



ચઢે છે, અને સ્ત્રી–પુરુષ સંબંધને એક જ દૃષ્ટિથી સમજનાર સમાજમાં–કોલેજના વિદ્યાર્થી વર્ગમાં આ સંબંધની અણ-છાજતી ટીકાઓ થાય છે. જો કે કોલેજોના આધુનિક વાતા-વરણમાં આ પરિસ્થિતિ અસ્વાભાવિક નથી, અને એનાં ઘણાં દૃષ્ટાંતો–પ્રોફેસર અને વિદ્યાર્થીની અથવા વિદ્યાર્થી અને સહ-વિદ્યાર્થીનીના પ્રણય પ્રસંગો–આજના સમાજમાં અસ્તિત્વમાં છે. અમી એમાં અપવાદરૂપ છે, અને લેખક આ અપવાદ-દ્વારા આદર્શ રજુ કરે છે. અમીને પડખે ઉમાનું પાત્ર છે, જેનું પાત્રાલેખન પણ ઘણું સચોટ અને સ્પષ્ટ છે. એ પાત્ર દ્વારા લેખક આધુનિક સામાન્ય કોલેજ વિદ્યાર્થીનીનું દૃષ્ટાંત રજુ કરે છે. એ જીવનમાં ભોગ અને આનંદ વિલાસને પ્રાધાન્ય આપે છે, અને એની દૃષ્ટિએ જીવનમાં મૂલ્યો કે આદર્શનું કાંઇજ મહત્ત્વ નથી. એને સંબંધોની સ્થિરતા કે પવિત્રતામાં શ્રદ્ધા નથી, અને એ અમીનાં મૂલ્યો કે સંબંધો-ની પવિત્રતાની ભારતીય પરંપરાનો ઉપહાસ કરે છે. અમીને એના પંથમાંથી ચલાવવા વારંવાર દલીલો અને કટાક્ષો કરે છે, પરંતુ અમી કથાના અંત સુધી નિશ્ચલ જ રહે છે, અને પોતાના વિચારો પલટતી નથી. અમી અને ઉમા વિરોધી પ્રકૃતિનાં પાત્રો છે શશાંક પણ આરંભમાં અમી જેવોજ આદર્શ પ્રિય હોવા છતાં યૌવન સહજ નિર્બળતાનો ભોગ બને છે, અને અમી પ્રત્યેની એની વૃત્તિ પલટાય છે.

જ્યારે શશાંકને ખાત્રી થાય છે, અને અમી સ્પષ્ટ રીતે એને જણાવે છે કે એનું સ્વપ્ન સાકાર થવાનું નથી, ત્યારે એ પણ ગુરુને મળવાને બદલે અમીને ચાંદોદ લઇ જઇ તેના પ્રત્યે અનુચિત વ્યવહાર કરવાનો પ્રયાસ કરે છે, પણ અમીના નિશ્ચલ અને તેજસ્વી વ્યકિતત્વના પ્રભાવ પાસે એ નિષ્ફળ બને છે. અમીના એના પ્રેમના અસ્વિકારને એ પોતાનું

અપમાન સમજે છે, અને એની અમી પ્રત્યેની ભાવના ધૃણામાં પલટાઈ જાય છે. એમાં હતાશા અન્ય પાત્ર શોધે છે, અને એ ઉમા પ્રત્યે આકર્ષાઇ અંતમાં ઉમા સાથે લગ્ન કરી લે છે, અને એને પોતાના અપમાનનો બદલો લીધાનો સંતોષ લે છે. આથી જ સ્પષ્ટ થાય છે કે એનો પ્રેમ અસ્થિર, વૃત્તિ ચંચળ, અને સ્વભાવ ભોગ લક્ષી હોય છે એના વિરોધમાં અમીને એના પ્રત્યે બ્હેનનો ભાઇ પ્રત્યે હોય એવો સ્થિર, નિર્મળ અને નિઃસ્વાર્થ પ્રેમ હોય છે, અને એના મનમાં શંશાક–ઉમા પ્રત્યે ઈર્ષા નહિં પરંતુ શુભેચ્છાઓજ ભરી હોય છે. આ કથાનો મુખ્ય પ્રવાહ છે અને આ ત્રણ પાત્રોદ્વારા લેખક જીવનમાં આદર્શ અને મૂલ્યનિષ્ઠા પોતાનું પ્રયોજન સિદ્ધ કરે છે, અને વ્યકિતને આદર્શને માટે જીવનમાં કરવા પડતા સંઘર્ષનું નિરૂપણ કરે છે.

કથાના ગૌણ પ્રવાહમાં પણ બે વિરોધી પાત્રો દ્વારા લેખકનો આધુનિક સમાજના વાતાવરણનું તાદૃશ ચિત્ર રજુ કરવાનો પ્રયાસ છે. એક પાત્ર નૃત્ય શિક્ષક નારંગનું છે એ અમી જેવી યુવતીઓના કલા પ્રત્યેના અભિગમનો ગેરલાભ લેવા પ્રયાસ કરે છે. અમીનો કલાપ્રેમ શુદ્ધ હોય છે, અને એથી એને નારંગના બદઈરાદાનો ખ્યાલ આવી જતાં એ નારંગ સાથેનો સંબંધ તોડી નાખે છે, એના નૃત્યના વર્ગમાં જવાનું બંધ કરે છે, અને પોતાની પવિત્રતાનું રક્ષણ કરે છે. એને બદલે ઉમા નારંગનો પ્રેમ પામવા માટે અમીને ભાગ્યશાળી ગણે છે, અને અમીને નારંગ પ્રતિ આકર્ષવાનો ખૂબ પ્રયાસ કરે છે, પણ અમીની નિશ્ચલતા સામે એ નિષ્ફળ રહે છે. આ નારંગના પાત્રદ્વારા લેખક સમાજમાં કલાને નામે પોતાની વિલાસ પ્રિયતાનું દર્શન કરાવે છે, અને સમાજમાં પ્રતિષ્ઠિત છતાં દુષ્ટ મનોવૃત્તિવાળી વ્યકિતઓના દંભને ખુલ્લો



પાડે છે.

આના વિરોધમાં સ્વામી સચ્ચિદાનંદનું પાત્ર છે, જે અમીમાં પોતાની સ્વર્ગસ્થ પુત્રીનું પ્રતિબિંબ નિહાળે છે. અને અમી પ્રત્યે પુત્રી સમાન વાત્સલ્ય દાખવે છે. ઉમા જેવી વ્યક્તિઓ સ્વામીજી સામે કાદવ ઉછાળવા અને અમીનાં મનમાં શંકાનાં બીજ વાવવા પ્રયાસ કરે છે, પણ શશાંક અને અમીને સ્વામીજીના પૂર્વજીવનની વિગતો મળતાં આ શંકા નિર્મૂળ બને છે. સ્વામીજી પણ અમીની મૂલ્યનિષ્ઠા અને આદર્શપ્રિયતાને સમજે છે, આદર કરે છે અને તેથી એમનો અમી પ્રત્યેના ભાવમાં વધારો થાય છે. સ્વામી સચ્ચિદાનંદ પોતાના ગુરુની આજ્ઞાનુસાર સમાજમાં ધર્મ અને યોગવિદ્યાનો કલ્યાણકર પ્રચાર કરવા માટે હિમાલયમાંથી ગુજરાતમાં આવે છે, અને એ હેતુથી વિવિધ સ્થળે આશ્રમો સ્થાપી પોતાના શિષ્યોદ્વારા આશ્રમોનું સંચાલન કરાવે છે. આ પાત્રમાં શ્રી યોગેશ્વરજીની પોતાની અંતરની વૃત્તિઓ અને યોજનાઓનું દર્શન થાય છે. સ્વામી સચ્ચિદાનંદજીની પ્રવૃત્તિઓમાં શ્રી મોટાની હરિ ૐ આશ્રમો સ્થાપવાની પ્રવૃત્તિ પ્રતિબિંત થાય છે. શ્રી મોટાના આશ્રમો પણ નડીઆદ અને સુરતમાં છે એ સૂચક છે. સમાજ કલ્યાણની ભાવના અને પ્રવૃત્તિવાળા આવા નિઃસ્વાર્થ સ્વામીઓ સમાજને ઉપકારક બને છે, અને એમની આજના સમાજમાં ખૂબજ આવશ્યકતા છે એવી શ્રી યોગેશ્વરજીની સમાજના નૈતિક પુનરૂત્થાનની ભાવનાની આ પાત્રમાં સુંદર રજુઆત છે.

આ કથામાં સંવાદો સચોટ અને અર્થવાહી છે. શ્રી યોગેશ્વરની કલા વર્ણન કરતાં સંવાદોમાં ખૂબજ અસરકારક ભાષાના ઉપયોગમાં રહેલી છે. પોતાનો જીવન પ્રત્યેનો દૃષ્ટિ

કોણ જુદો હોવા છતાં ઉમાની જીવન વિષેની દૃષ્ટિ ખૂબજ સચોટ રીતે એ વ્યક્ત કરે છે. નીચેના સંવાદમાં એ દેખાય છે. ઉમા—" અમીના દૃષ્ટિકોણ કરતાં ઉલટો. હું એને સુખોપભોગનું સાધન સમજું છું. એના દ્વારા આધક અને અધિક આનંદનો આસ્વાદ લેવામાં માનું છું. પછીએ આનંદ કોની પાસેથી અને કયા સાધન મારફત મળે છે તેની નિરર્થક ચર્ચા અને ચિંતામાં હું નથી પડતી, મને એવી ટેવજ નથી. "

શશાંક—" તો તો.......તમારા વિચારો આધુનિક છે. "
ઉમા—" આધુનિક જ નથી. એકદમ આધુનિક છે. "

આ પ્રકારના સંવાદથી ઉમા શશાંકને આકર્ષે છે, એ પ્રસંગની રજુઆત ઘણી સચોટ છે, અને આજનાં કોલેજના યુવક-યુવતી વચ્ચે પરિચયની ઘનિષ્ઠતા વધારવા માટે આ પ્રકારનો સંવાદ સ્વાભાવિક છે. આવા ઘણા સંવાદો કથામાં રસવૃદ્ધિ કરે છે, અને પાત્રોના વ્યક્તિત્વના નિરૂપણમાં સહાયભૂત બને છે.

લેખકની આ કથામાં વિશિષ્ટતા એ છે કે સમાજ અને ખાસ કરીને કોલેજના ઉચ્છૃંખલ વાતાવરણમાં પણ કયાંય શિષ્ટતાની મર્યાદાનું ઉલ્લંઘન થતું નથી, શંશાક અને ઉમાના અનૈતિક વિચારો વ્યક્ત કરતી ભાષા પણ શિષ્ટ છે. આધુનિક કોઈ લેખક શ્રી યોગેશ્વરજીને સ્થાને હોત તો માનસશાસ્ત્રના નામે કે વાસ્તવિકતાને નામે એણે કોલેજના વાતાવરણના ચિત્રણમાં તથા વિદ્યાર્થીઓના વર્તનમાં વૃત્તિઓને ઉત્તેજીત કરે એવા રોમાંચક, ઉછૃંખલ પ્રસંગો અને પાત્રોના વર્તનનું આલેખન કર્યું હોત, પણ શ્રી યોગેશ્વરજીની આ નવલકથામાં યુવાન વર્ગના કોલેજના વાતાવરણમાં પણ મર્યાદાભંગ કરે એવો કોઈપણ અનુચિત પ્રસંગ આવતો નથી. સમાજની



ડાબી બાજુનાં દર્શન કરાવતાં કે યુવાનયુવતીઓના વર્તનમાં પણ યોગ્ય મર્યાદા જાળવવામાં, સંયમપૂર્વકના નિરૂપણમાં અને છતાં રસક્ષતિ ન થવા દેવામાં આ નવલકથાની મહત્તા છે, અને એની સરળ, પ્રવાહી અને શિષ્ટ શૈલીમાં રજુઆત થઇ છે કારણ આ કથા એક સંતનું સર્જન છે.

(૯, અંકુર એપાર્ટમેન્ટ ૬૩-૬૪, વિશ્વાસ કોલોની વડોદરા-૩૯૦ ૦૦૫.)

જીભના દરવાજાને બંધ કરવાના મૌન કરતાં મનના દરવાજા બંધ કરવાનું મૌન ચઢિયાતું છે.

IS : 10001

ઓ. ૨૫૬૬૮
ફે. ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. ૪૬૪૭૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
—: બનાવનાર :—
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨

# પ્રતિજ્ઞાનો પ્રભાવ

ભૂપતરાય મો. ઠાકર 'ઉપાસક'

'પ્રતિજ્ઞા'નો પ્રભાવ અદ્‌ભુત અને આશ્ચર્યકારક છે. આશ્ચર્યકારક અને અસરકારક પણ છે. પ્રતિજ્ઞાનો સૂક્ષ્મ અર્થ જાણે કે પોતાના પ્રતિ આજ્ઞા થતો હોય એમ લાગે છે. પોતાની જાતને સંકોરવાની, આત્માને કેન્દ્રિત કરવાની અને ઈચ્છા શક્તિને બળવત્તર કરવાની આંતરિક ઘોષણા જ પ્રતિજ્ઞા છે. આત્મશક્તિને જાગૃત કરવાનું બળ આ પ્રતિજ્ઞા દ્વારા એકઠું થાય છે. આ આત્મબળ કે ઇચ્છાશક્તિ સઘન-ઘટ્ટ બને ત્યારે તે પ્રતિજ્ઞા ફળદાયી જ નિવડે છે. સફળ થાય છે.

પ્રતિજ્ઞા દ્વારા વ્યકિત સ્વયંને જગાડે છે, આત્માને ઢંઢોળે છે, ઈચ્છા શક્તિને પ્રગટાવે છે. હા, વ્યક્તિ સ્વયં જ્યારે જાગે છે, સતર્ક કે સાવધાન થાય છે, એકાગ્ર થાય છે ત્યારે આખુંય વિશ્વ તેની સામે ઝૂકી જાય છે. પ્રકૃતિ પણ સહાયક/ઉપકારક બને છે. સૃષ્ટિના તમામ તત્ત્વો મદદગાર બને છે. એક વ્યકિતના આત્માની જાગૃતિ સાથે સમગ્ર માનવ-આત્મા જોડાય જાય છે. આત્મશકિત વિરાટરૂપ ધારણ કરે છે. પ્રતિજ્ઞાની આ વિરાટતા/વિશાળતા/મહાનતા છે.

માણસ પ્રતિજ્ઞાના માધ્યમ દ્વારા પોતાના સમસ્ત અસ્તિત્વને-વ્યકિતત્વને પ્રગટ કરે છે. રોમ રોમની સમગ્ર શકિત, વિશ્વાસ, શ્રદ્ધા, બળ એકત્ર કરે છે. તે દ્વારા ધ્યેયને સિદ્ધ કરવા દત્ત ચિત્ત બને છે. બસ! આ રીતે વ્યકિત પોતાના મનોજગતમાં જન્મેલા ઇચ્છિત કામોને કરવા કટિબદ્ધ બને છે. આત્મબળ એ અણુબોંબ કરતાંય વિશેષ શક્તિશાળી તત્ત્વ છે. આત્મશક્તિ દ્વારા સદકર્મ ફળિભૂત થઈ શકે છે.

"હું આખા જગતની વિરુદ્ધ જઇશ પરંતુ મારા આત્મા-



ની વિરુદ્ધ નહીં જાઉં." એમ ગાંધીજીએ પણ કયાં નથી કહ્યું? મુઠ્ઠી હાડકાંના આ માનવમાં આત્મશક્તિનો જાણે ઢગ હતો! ગીતાજીમાં શ્રી કૃષ્ણે અર્જુનને 'આત્મવાન્ ભવ।' એમ કહીને અર્જુનને 'પોતાનામાં વિશ્વાસ' કરવાનો સંદેશ આપ્યો છે. જે પોતાનામાં વિશ્વાસ કરે છે, પોતાના આત્મા પર શ્રદ્ધા કરે છે તે ઈશ્વરમાં વિશ્વાસુ છે એમ કહી શકાય.

'આત્મા એજ પરમાત્મા' એમ કહેવાયું છે તે ઉચિત છે. આત્માની જાગૃતિ, સ્વયંની એકાગ્રતા એ પ્રતિજ્ઞાનું બળ છે. હા, આ આત્મશકિત સાથે સદ્‌વિચારો-સદ્‌ગુણો આવશ્યક છે. સત્ય, નિષ્ઠા, વફાદારી, નિ:સ્વાર્થતા નિર્વિકારપણું, બલિદાન જેવા ગુણો પણ આત્મશકિતને પોષક બને છે. આ ગુણો ઉદ્દીપન તરીકે મદદગાર પણ બને છે.

હા, પ્રતિજ્ઞાનું ચાલક તત્ત્વ તો સદ્‌કાર્ય છે. શુભ કામની સફળતા માટે, માનવ ઉપકાર માટે, જીવ જગતના કલ્યાણ માટે, કોઇના જીવન માટે કે કોઈના આત્માની શાંતિ માટે-લેવાયેલી પ્રતિજ્ઞા જ ઉત્તમ હોઈ શકે. આ રીતે લેવાયેલી પ્રતિજ્ઞા જ પૂજનીય-વંદનીય-પ્રસંશનીય-આદરણીય છે.

પ્રતિજ્ઞા લેવાય છે ત્યારે જ વિશ્વની/પ્રકૃતિની ઉત્તમ દેણગી પ્રાપ્ત થાય છે. કુ-કર્મના ફળ માટે લેવાયેલી પ્રતિજ્ઞાને પ્રકૃતિના તત્ત્વો સહાયક થતાં નથી.

પ્રતિજ્ઞા એ ઇચ્છા શકિતની જાગૃતિની ઘોષણા છે. આ 'પ્રતિજ્ઞા' એજ શ્રદ્ધા છે, વિશ્વાસ છે, ઈશ્વર પ્રત્યેની અસીમ જાગૃતિ છે. પ્રતિજ્ઞા દ્વારા વ્યકિત પોતાના 'સમગ્ર'ને એકઠું કરી પ્રગટાવે છે. આ પ્રાગટ્ય જ સૌ માટે આદરણીય બને છે. 'ભીષ્મ' (દેવવ્રત)ની પ્રતિજ્ઞાએ 'પ્રતિજ્ઞા'ના મૂલ્યને અનેકગણું કરી આપ્યું છે. 'શાપ' અને 'આશિષ' પણ 'પ્રતિજ્ઞા'ની કોટિમાં આવતાં સ્વરૂપો/તત્ત્વો છે છતાં સમગ્રતા તો પ્રતિજ્ઞામાંજ પ્રગટે છે અને તેથી પ્રતિજ્ઞા/ટેક/નીમ મહાન છે.

# શ્રી શ્રીમા શારદાદેવી

સ્વામી ગંભીરાનંદજી

## (કેટલાંક અવતરણો)

મુખરજીઓની જમીનમાં જે અનાજ પેદા થતું તે કુટુંબ માટે પૂરું નહોતું પડતું. તેથી રામચંદ્ર ગોરપદું કરતા ને કપાસની ખેતી પણ કરાવતા. શ્યામસુંદરી શિશુ શારદાને ખેતરની વચ્ચે સુવાડી કપાસ વીણવા જતાં. મોટા થયા પછી શારદા પણ આ કામમાં માને મદદ કરતી. મા અને દીકરી આ કાલાનાં રૂમાંથી જનોઈ માટે સૂતર કાંતતાં અને તે વેચીને કુટુંબ માટે કપડાંલત્તાં વગેરે ખીરદતાં.

નાના ભાઈઓની સારસંભાળ રાખવાનું માતાજીનું બીજું એક મુખ્ય કામ હતું. તેઓ કહેતાં કે, "હું ભાઈઓને લઈને ગંગામાં નાહવા જતી. આમોદર નદી જ અમારી ગંગા હતી, નાહીને ત્યાં જ બેઠાં બેઠાં મમરા ખાઈ એ લોકોને લઈ ઘેર આવતી. મને પહેલેથી જ ગંગાસ્નાન કરવાનું આકર્ષણ હતું." બીજા કામો માટે તેઓ કહેતાં, "નાનપણમાં ગળાબૂડ પાણીમાં ઊભાં રહીને ઢોરો માટે ઘાસ કાપતી. ખેતરે મજૂરો માટે મમરા લઈ જતી. એક વર્ષે જ્યારે તીડોએ પાક લગભગ નષ્ટ કર્યો ત્યારે ખેતરે ખેતરે જઈ મેં ઠાંગર ભેગી કરી હતી." પોતાના અભ્યાસ બાબતમાં તેઓ કહેતાં. "નાનપણમાં પ્રસન્ન, રામનાથ વગેરે બધા પાઠશાળામાં જતા. હું પણ તેમની સાથે સાથે કોઈ વાર જતી. તેથી થોડું ઘણું શીખી હતી."

માતાજીના પોતાના આ ટૂંકા, છૂટાંછવાયાં સંસ્મરણો ઉપરાંત સમકાલીન લોકો પાસેથી બીજી થોડી વિગતો જાણ-



વામાં આવી છે. માતાજીની નાનપણની બહેનપણી રાજ મુખરજીની બહેન અઘોરમણિએ કહ્યું છે: "મા સ્વભાવે ખૂબ સીધાં સાદાં હતાં. જાણે કે સરળતાની મૂર્તિ. રમતગમતમાં એમની સાથે કોઈ દિવસ કોઈને પણ ઝઘડો નથી થયો. મા ઘણું ખરું ઘરઘર રમતી વખતે કુટુંબના વડીલ તરીકે જ ભાગ ભજવતાં. એઓ ઢીંગલીઓ લઈને રમતાં ખરાં પણ કાલી અથવા લક્ષ્મીની મૂર્તિ ઘડીને ફૂલ અને બીલીપત્રથી પૂજા કરવી એમને ખૂબ ગમતી. બીજી છોકરીઓ લડી પડે ત્યારે મા વચ્ચે પડીને સંધિ કરાવતાં."

એક વખતે દેવી જગદ્ધાત્રીની પૂજા વખતે હલદેપુકુરના રામહૃદય ઘોષાલ હાજર હતા. શ્રીમાને જગદ્ધાત્રીની સામે ધ્યાન ધરતાં જોઈ એમને ખૂબ નવાઈ લાગી હતી ને ઘણો વખત ત્યાં ઊભા ઊભા જોવા લાગ્યા. પણ કોણ માતાજી અને કોણ જગદ્ધાત્રી તે સમજ ન પડવાથી અંતે ભય પામી ત્યાંથી નાસી ગયા."

બીજાં ઘણાં વૃદ્ધ સ્ત્રી પુરુષો પાસેથી સાંભળ્યું છે કે: "નાનપણથી શારદા જેમ બુદ્ધિશાળી, શાંત ને શિષ્ટ આચાર-વાળી હતી તેમ કામકાજમાં પણ ઉત્સાહી હતી. એને કોઈ પણ દિવસ કામ કરવા માટે કહેવું ન પડતું, હૈયાની સૂઝથી પોતાનું બધું જ કામ તે ખંતપૂર્વક ચોકસાઈથી કરતી."

માતાજીને ઘોષાલ મહાશયે જે જગદ્ધાત્રીરૂપે જોયાં એ માત્ર આકસ્મિક બનાવ ન હતો. એમનું બાલ્યજીવન એ દૈવી અને માનવ ભાવનાના અદ્ભુત સંમિશ્રણથી એક આશ્ચર્યની વસ્તુ બની હતી. તેમાં દૈવીભાવ જ જાણે કે વધુ સ્પષ્ટ હતો. પાછળથી બીજાઓએ માતાજીને ગમે તે રીતે જોયાં હોય તોપણ તેઓ પોતે પોતાને સાધારણ રીતે મનુષ્યરૂપે જ પ્રકટ

કરતાં.

મહાચૈતન્યમાંથી ઇહલોકમાં ઊતરી આવેલ માતાજી દૈવી અને માનવી સ્થિતિ વચ્ચે રહીને પોતાની માનવલીલામાં કયાં ભાવને વધુ મહત્ત્વ આપવું તેનો નિર્ણય તરત જ કરી શકયાં નહીં હોય અથવા તો કોઈ દૈવી વિધાન અનુસાર તેમનું શૈષવ અને બાલ્યજીવન સૌની દૃષ્ટિ બહાર દૈવીશકિત વડે ઘેરાયેલ હશે.

એ સમયની વાત કરતાં માતાજીએ પાછળથી કહેલ કે, "જુઓ, નાનપણમાં હું જોતી કે ઠીક મારા જેવી જ એક છોકરી હંમેશાં મારી સાથે રહી મને બધાં જ કામમાં મદદ કરતી. મારી સાથે આનંદ પણ કરતી. પણ બીજું કોઈ આવે કે એને હું જોઈ શકતી નહીં-દસ-અગિયાર વર્ષ સુધી આમ જ ચાલ્યા કર્યું." પાણીમાં ઊતરી ઘાસ કાપતી વખતે તેઓ જોતાં કે એમની જ ઉંમરની એક છોકરી તેમને ઘાસ કાપી આપતી. ઘાસની એક પૂળી એઓ કિનારે મૂકીને પાછાં આવીને જોતાં તો એ છોકરીએ બીજી એક પૂળી એમને માટે તૈયાર કરી રાખેલ હોય.

— * —

શ્રી યોગેશ્વર કૃપા.

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.



( પાના ૨૪ નું અનુસંધાન )

મંત કરવા, સાધનાની કોઈ ઉણપ ચલાવી લેવા માગતાં નથી. અમે તો પ્રભુના બંદા, અમને કોઈ ડરાવી, હરાવી ના શકે. મુકતાનંદજી કહે છે તેમઃ-

ખર્વ નિખર્વ દળ એક સામા ફરે
તરણુ ને તુલ્ય તેને જ જાણે.
મોહનું સેન ( સૈન્ય ) મહાવિકટ લડવા સમે,
મરે પણ મોરચો નહિજ ત્યાગે.

પૂ. માએ તો ઝુકાવી દીધું છે.

સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જોને,
હરિનો મારગ છે શુરાનો, નહિં કાયરનું કામ જોને.

ભલ ભલાના હાંજા ગગડી જાય એવું વ્રત લઈને પૂ. મા બેઠાં છે. ઘડીભર અશકય પણ લાગવા લાગે છે. પણ નરસિંહ મહેતાએ જે શ્રદ્ધાથી દ્વારિકાના તીર્થવાસીઓને હુંડી લખી આપી હતી તેવી જ પ્રબળ શ્રદ્ધાનું દર્શન જ્યારે પૂ. મામાં થાય છે ત્યારે એ પ્રતીતિ થયા વગર નથી રહેતી કે શંકર, શુક જોગી અને વ્રજનીગોપીની જેમ એ દિવ્ય રસનો સ્વાદ જરૂર માણશે. બાકી પરમશકિતની શકિત માપવાનું આપણું શું ગજુ !

નમો દેવ્યૈ, મહા દેવ્યૈ, શિવે સર્વાર્થ સાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરી, નારાયણી નમોસ્તુતે ॥
નારાયણી નમોસ્તુતે ।

# સત્યપથનો સાધક

ભાઈલાલભાઈ છાટબાર

સંનિષ્ઠ સત્યપથી સાધકની આચારસંહિતા નિષ્પ્રયોજન, નિરુદ્દેશ કે ઢંગધડા વગરની, વિવેકમર્યાદા વિહીન નથી હોતી. તેની જાગ્રત ચેતનામાં પ્રત્યેક દિવસ પ્રકાશનો દિવસ હોય છે, જીવનની પ્રત્યેક રાત્રિ દ્યુતિની રાત્રિ હોય છે. જ્યોતિ જ સ્વયં સાકાર છતાં-નિરાકાર એવા પરમાત્માનું તાદૃશ સ્વરૂપ હોય છે. જ્યોતિર્મય થઈ જવાનું બીજું નામ જીવનમુક્તિ કે નિર્વાણ છે. ચેતોવિસ્તારનું આ ઉચ્ચતમ શિખર છે.

સત્યપથ-પ્રવાસીનો પંથ પ્રકાશના ઉજાસથી ભરપૂર હોય છે. પંથ ભલે અજાણ્યો અને અટપટો હોય પણ વેટમાર્ગું યાત્રિક જિજ્ઞાસુ જાણકાર હોય છે તેથી તેની યાત્રા અટકતી નથી. તે અવિરત ચાલુ રહેશે એવી પ્રતીતિ પંથે પડેલા સાધકને આ સત્યશોધન અવસ્થામાં હોય છે.

સત્યપથીની દૃષ્ટિએ બાહ્ય વૈભવમાં દેખાતું દુનિયાનું સુખ સાચું સુખ નથી. તે જાણે છે કે આ દુન્યવી વૈભવ સિવાયનું એક શાશ્વત સુખ છે, એક આત્મપરિતૃપ્તિ છે કે જે માટે તે જિજ્ઞાસુ છે, અભીપ્સુ છે.

સત્યસાધકનો આતમહંસ ભીતરના જ માનસસર ભણી પાંખો પસરાવતો રહે છે અને ચકોર દૃષ્ટિથી તેના ઉડ્ડયનને સંભાળતો રહે છે. જ્યાં સુધી તેને અંતરનું સાચું અજવાળું સાંપડતું નથી ત્યાંસુધી તેની પ્રેરણા ખૂટતી નથી કે તેને પંથનો થાક લાગતો નથી.

સત્યપથી જાણે છે કે પરમાત્માને આ ખોળિયામાં જ



ખોળી કાઢવાનો છે અને તેને આત્મસાત્ કરવાનો છે. માણસનું અસલી સત્યસ્વરૂપ તેની ભીતરમાં જ વસે છે અને દરેકે તેની શોધ માટે આંતરિક યાત્રા ઉપર નીકળવું પડે છે. ભીતરમાં આતમબીજની બરાબર વાવણી થાય તો અમર જીવનનું ખળું અવશ્ય પાકે છે. સત્યનું એવરેસ્ટ શિખર ભીતરમાંજ સર કરવાનું છે.

બહિર્મુખી માણસ દુન્યવી જીવનમાં ઓતપ્રોત થઈ જઈને પોતે માની લીધેલા દેહ-મનરૂપી બંધિયાર ઘરમાં એકાદ ચાંદરડાને જ સૂરજ માની બેસે છે. આવા માયાગ્રસ્ત દિશા-શૂન્ય માણસની નજર ભીતરનું ઊંડાણ કે જ્યાં અનંત કિરણોનો મેળો ઊજવાય છે ત્યાંસુધી પહોંચી શકે નહિ. તે જિંદગીભર જીવન નદીના છીછરા કાંઠે છબછબિયાં કરતો રહે છે.

સત્યપથી જાણે છે કે આ શરીરમાં જ ગગનગામી કૈલાસ શિખર-શિવસ્થાન આવેલું છે. આ કાયાનગરીમાં જ અમર જીવનનું આમ્રવૃક્ષ છે અને તેમાં વસીને આત્મારૂપી કોયલ શ્વાસપ્રશ્વાસે કૂજન કરી આનંદનો મહોત્સવ ઊજવે છે અને તેના મીઠા મધુર સૂરથી અંગેઅંગને ઉલ્લાસથી ભરી દે છે.

આત્માનો પરમાત્મા સાથે-હંસનો પરમહંસ-પરમપુરુષ સાથે-યોગ થાય ત્યારે જ-એટલે કે ભેદની દીવાલ ભાંગી ગયા સિવાય-અમૃતનો ખજાનો મળતો નથી. માનવ-આત્મા જ્યારે પરમાત્મા સાથે પૂર્ણ અદ્વૈત સાધે છે ત્યારે જ તેની સત્યની યાત્રા પૂરી થાય છે.

આ કાયામાં જ પ્રજ્ઞાનો પૂંજ પ્રકાશ છે અને તેના અનર્ગલ પ્રકાશમાં પરમસત્ય રૂપી રત્ન ઝગારા મારે છે. સાચા શોધકો ભીતરમાં જ સત્યની શોધ કરે છે.

આ માનવદેહ રૂપી રોપ અતિ સુંદર છે. દેહધારીના જીવનમાં અદ્‌ભુત શકિતઓ ખીલી શકે તેવી શકયતાઓ પડેલી છે. પરંતુ તે રોપ પરભોમમાં–માયાના પ્રદેશમાં ઊભો સૂકાય છે; કારણ કે આશા–તૃષ્ણા રૂપી તેનાં કળીફૂલોને કોઇ તોડતું નથી.

આ સૃષ્ટિના આનંદવિહાર પાછળ તપનું તેજ–સત્યનું અજવાળું ઝળહળી રહ્યું છે. બહારની શોધથી તેનો તાગ નહિ કઢાય કે તેનો તાળો નહિ મેળવી શકાય. પરંતુ આત્મ-શુદ્ધિથી અંદરનો કચરો–મેલ ધોવાઇને સાફ થઇ જતાં તેનું સાચું સ્વરૂપ છતું થઇ જાય છે. સત્યના આધાર વિના તો આ સૃષ્ટિ ઘડીભર ટકી શકે તેમ નથી.

દિવસના ચોવીશ કલાક દરમિયાન કોઇપણ અનુકૂળ નિશ્ચિત સમય શોધીને અને તેને નિરંતર અડગપણે વળગી રહીને સત્યશોધક મૌન–ધ્યાન રૂપી સાધનના આશ્રયે સાધના-પથે આગળ વધે છે. અવકાશ–અંતરે તે સમય અને સ્થળથી પર બની જાય છે. એકાગ્ર એકચિત્ત માણસ સત્યને આત્મ-સાત્ કરીને સ્વયં સત્યસ્વરૂપ બની જાય છે.

સત્યાશ્રય આવા સાધકનું ટેકણ છે અને સત્યશોધન તેનું ખોજક્ષેત્ર છે. ટેકણને સહારે નિજી પ્રયોગશાળામાં કુલડીમાં તપાવી–ગાળી વિશુદ્ધ કરીને ખોળતાં ખોળતાં તે સત્યને પામે છે.

સત્યાશ્રય એટલે વિચાર, વાણી અને વહેવારમાં સત્યની પ્રતિષ્ઠા. સત્યપથીના મનમાં કદી કયારેય કોઇ પ્રત્યે દુર્ભાવ જાગતો નથી. તે સત્યમંડિત મધુર વાણી ઉચ્ચારે છે અને મિતભાષી હોય છે. તેનો વહેવાર શુદ્ધ અને ચોખ્ખો હોય



છે. દુર્વિચાર, કટુવાણી અને દુર્વ્યવહારનાં મૂળિયાં તેના નિત્યજીવનમાંથી ઊખડી ગયાં હોય છે.

સત્યપથી પળે પળે પૂર્ણ જાગરૂકતામાં જીવે છે, તેના જીવનની ક્ષણેક્ષણ જીવંત અને સર્જનશીલ હોય છે. સંપૂર્ણ ખાલીપણાંની અવસ્થામાં જ પ્રજ્ઞા પ્રગટ થાય છે-સત્ય ઉપ-લબ્ધિ થાય છે.

સત્યની સાધના આંતરબાહ્ય નિર્મળતા માગી લે છે. આંતરશુદ્ધિમાં સ્વ–અધ્યાય, મનન, તપસ્યા, ધ્યાન અને સત્પુરુષોનો સંગ સહાયરૂપ થાય છે.

માણસનો સ્વભાવ ઓછાવધતા અંશે સત્વ, રજસ્ અને તમસ્‌ના મિશ્રણથી ઘડાયેલો છે. તમોગુણ ચૈતન્ય ઉપર આવરણ મૂકે છે. પણ સત્ત્વગુણ આ આવરણને ભેદી નાખે છે.

સત્ત્વગુણ સ્ફટિક મણિ જેવો નિર્મળ છે. તે શાશ્વત સુખનો પ્રકાશ કરનાર છે. તેમાં રજોગુણ અને તમોગુણનો સદંતર અભાવ હોવાથી તે શરીર–મન–આત્માને માટે આરો-ગ્યકારક છે. સત્ત્વગુણ માણસને નિર્મળતા બક્ષે છે.

નિર્મળતાની જેમ જ વિનમ્રતાનો ગુણ પણ સત્યસાધક માટે ભારોભાર જરૂરી છે. વિનમ્ર માણસ અન્યના દોષો તરફ બેધ્યાન હોય છે. તે પોતાની ક્ષતિઓ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરે છે.

અન્ય માણસ સજ્જન છે કે દુર્જન તેના તરફ લક્ષ ના આપતાં પોતે દોષોથી ભરેલો છે તેના તરફ સત્યાર્થી લક્ષ રાખે છે અને એ દોષોને ઉલેચવાના પુરુષાર્થમાં લાગી જાય છે. આ જ ખરી જાગૃતિ છે-ખરી વિનમ્રતા છે. વિનમ્રતાનો

ગુણ અન્ય તમામ ગુણોમાં અનુપાન રૂપે કામ કરે છે. વિનમ્રતાને અભાવે કોઇપણ સદ્ગુણ અધૂરો છે. જો સદ્ગુણમાં નમ્રતા એકરસ થઇ ગઇ હોય તો સદ્ગુણ શોભી ઊઠે છે. વિનમ્રતાને સ્વભાવ સાથે–જીવનની સમજ સાથે સીધો સંબંધ છે. વિનમ્રતા જ્યારે સહજ અને સ્વાભાવિક બની જાય ત્યારે તે અછતી રહેતી નથી. નમ્ર માણસને પોતાની નમ્રતાનો ખ્યાલ પણ હોતો નથી. અનુભવી પુરુષો 'અહં' ના લોપને વિનમ્રતા કહે છે.

સત્યપથી સાધક મૌની, ધ્યાની, મિતભાષી, સત્યાશ્રયી, જાગરૂક, નિર્મળ અને વિનમ્ર હોય છે. મૌન, ધ્યાન, મિતભાષિતા, સત્યાશ્રય, જાગરૂકતા, નિર્મળતા અને વિનમ્રતા–એ બધાં સાધન છે; મૃણ્મયથી ચિન્મય સુધી ઉડ્ડયન કરવામાં અને મુકામે પહોંચાડવામાં સહાયરૂપ થનારાં છે.

મૂળ મુકામે પહોંચ્યા બાદ તો આ બધાં સાધનની જરૂર નથી રહેતી. આ બધાં સાધનોનો શબ્દો દ્વારા પૂરેપૂરો ઘટસ્ફોટ થવાનો સંભવ નહિવત્ છે. આ બધાં સાધનોને આચરણ સાથે સીધો સંબંધ છે. આચરણ–ભૂમિકાએ સાધકને પ્રત્યેક સાધનની મહત્તાની જેટલી સ્પષ્ટતા થાય, તેવી શબ્દો કરી શકે નહિ; કેમકે આચરણ–ભૂમિકાની નિપજ અનુભૂતિ–મૂલક હોય છે.

માણસ નિર્ભય અને નિશ્ચિંત થઈ અંદરની યાત્રા શરૂ રાખે તો પ્રત્યેક ક્ષણ મંગળ છે, વિરાટ શકયતાઓથી ભરપૂર છે. તેના પર પરમાત્મ-પ્રભુના હસ્તાક્ષર અંકિત થયેલા હોય છે.

આંતરજગતને તટસ્થ સાક્ષીભાવે જોવું એ સત્યસાધનાનું



મહત્તમ અપરિહાર્ય પાસું છે. માણસ જેમ બહારનાં આકર્ષણોનો ભોગ બને છે તેમ આંતરિક શક્તિઓનો પરિચય થતાં તે પ્રત્યેના પ્રલોભનથી ખેંચાવા લલચાય છે. અંદરની ઘટનાઓ-ભીતરની અનુભૂતિઓ સાથે એકરૂપ થવાને બદલે તેને તટસ્થ સાક્ષીભાવે જોવાથી, તેનું જોશ નરમ પડી જાય છે અને સાવધ સજગતાનો સંગાથ હોય તો અંદરની અનુભૂતિઓની હારમાળા ક્રમશઃ પસાર થઈ જાય છે અને સાક્ષી–દૃષ્ટા બની રહેલ સાધકના યાત્રામાર્ગને રુંધતી નથી.

સાધક શરતચૂક વગર સત્યપથે ચાલતો રહે છે તો તે વહેલો કે મોડો લક્ષ્યબિંદુ સુધી પહોંચી જાય છે અને સત્યનો સાક્ષાત્કારી બની સત્યમાં પ્રતિષ્ઠિત થઈ જાય છે.

માનસશાસ્ત્ર, માનસ વિશ્લેષણ શાસ્ત્ર, મનોવિજ્ઞાન કે મનોચિકિત્સા શાસ્ત્રમાં 'મન' કેન્દ્રે છે. ધ્યાનની અવસ્થા મનબુદ્ધિ પારની અવસ્થા છે. ધ્યાનમાં મનનું અતિક્રમણ કરવાનું હોય છે, મનની પારના પ્રદેશમાં પહોંચવાનું હોય છે. મનના અતિક્રમણને પંથે યાત્રા કરી રહેલ યાત્રી જ સાચા અર્થમાં સાધક છે.

સત્યપથના પ્રેમી, ચાહક, પ્રશંસક, ભાવિક કે અનુયાયી હોવું તે એક સારી વાત છે. પરંતુ સત્યપથના મર્મજ્ઞ સાધક બનવા માટેની આચારસંહિતા અલગ પ્રકારની છે, જેના એકે એક અંશનું સાધનાજીવનમાં નિષ્ઠાપૂર્વક અનુસરણ ના થાય તો સત્ય ઉપલબ્ધિ થતી નથી; સાધક તેના અસલી મુકામ સુધી પહોંચી શકતો નથી.

અંતિમ સત્ય સ્વ-સ્વરૂપમાં પ્રતિષ્ઠા છે. તે થતાં સત્ય સ્વયં આવા સિદ્ધસાધકને અનુસરે છે. કબીરનું કથન છે કે–

પહેલાં કબીર હરિને શોધતો હતો પણ હવે હરિ કબીરને શોધે છે.

બધા અવતારી પુરુષો, બધા પ્રભુપુત્રો, બધા પયગંબરો– આ બધા થકી સત્ય ન હતું, સત્ય થકી તેઓ બધા હતા. સત્યપાલન શ્રેષ્ઠતમ ધાર્મિકતા છે.

પોતે સાધક છે એવો ખ્યાલ સમૂળગો છૂટી ના જાય– સાધનામાં 'હું' નો સદંતર લોપ ના થઈ જાય–ત્યાંસુધી ચેતનામાં જાગરૂકતા જન્મે નહિ અને સત્યનું દર્શન શરૂ થાય નહિ. 'હું જોઉં છું' 'હું સાંભળું છું'–ભાવ છૂટી જાય અને 'જોવાવાની' 'સાંભળવાની'–ક્રિયામાત્ર શેષ રહી જાય તેવી અહંશૂન્ય નિરપેક્ષ અવસ્થામાં સાધક સત્યદર્શી બની રહે છે.

સત્યનિષ્ઠા કોઇ સંપ્રદાય કે ધર્મ નથી, તે ધાર્મિકતા છે– ભગવત્તા છે. તેની દ્વારા ભાગવતજીવન જીવવાનું છે. સત્યાશ્રય, સત્યશોધન અને સત્યમાં શાશ્વત પ્રતિષ્ઠાની આ વાત છે.

અજન્મા જ અમૃત હોઇ શકે. સત્ય અજન્મા છે, સૃજન-જૂનું છે. તે અમૃત છે, અસ્તિત્વનું સારસત્વ છે.

સાધક ભીતરમાં જ સત્યના એવરેસ્ટ શિખરને સર કરે તે શરીરયાત્રાની પરિપૂર્ણતા છે. સત્ય પરાયણતાથી ચઢિયાતી ભગવત્તા અન્યત્ર ક્યાંય પણ નથી.

સત્યપથના સાધકે આત્મનિરીક્ષણ કરી નક્કી કરવાનું રહે છે કે પોતે માત્ર સત્યપથનો ચાહક પ્રશંસક છે કે સાચા અર્થમાં સક્રિય સાધક છે.



પ્રાધ્યાપક શ્રી મહેન્દ્રભાઇ દેસાઈ (કુમાર)ની

# વિદાય

ડૉ. રણજીત પટેલ (અનામી)

'અધ્યાત્મ' ના એક સારા લેખક અને પૂજ્ય શ્રી યોગેશ્વરજીના ગુણદર્શી ભાવક-અભ્યાસી પ્રાધ્યાપક શ્રી મહેન્દ્રકુમાર દેસાઇનું દુઃખદ અવસાન થયું છે. એમની ઉંમર ૭૪ વર્ષની હતી.

ઇ. સ. ૧૯૪૦ માં, 'કુમાર' ના તખલ્લુસથી 'કુમારનાં કાવ્યો' નામે તેમનો કાવ્યસંગ્રહ પ્રગટ થયેલો. એમની કાવ્ય લેખનની પ્રવૃત્તિ ખાસ્સી અર્ધી સદી સુધી ચાલેલી. 'આકાશવાણી' પરથી એમના અનેક કાર્યક્રમો 'રીલે' થતા હતા.

મૂળે ધાર્મિક પ્રકૃતિના શ્રી દેસાઇ અનેક ધાર્મિક સંસ્થાઓ અને આધ્યાત્મિક નેતાઓના સંસર્ગમાં આવેલા. વડોદરાની થિયોસોફિકલ સોસાયટીના તે મંત્રી અને પ્રમુખ હતા. 'પ્રેમાનંદ સાહિત્યસભા' ના મંત્રી તરીકે પણ તેમણે સેવા આપેલી. શ્રેયસ્સાધક અધિકારી વર્ગમાં તેમને સક્રિય રસ હતો અને એ વર્ગના સાહિત્યના તેઓ અચ્છા અભ્યાસી હતા. એ વર્ગના એક આચાર્ય ઉપર એમણે અધિકૃત ગ્રંથ પણ લખ્યો છે. ૧૯૭૬ માં મહારાજા સયાજીરાવ યુનિ.ના ગુજરાતી વિભાગમાંથી નિવૃત્ત થયા બાદ તેઓ 'યુગ પ્રભાવ'-માં સેવાઓ આપતા હતા. શ્રી દેસાઇ આજીવન અધ્યાપક હતા. બહુશ્રુત વિદ્વાન હતા અને ગુજરાતીનાં અનેક સામયિકમાં ચિંતનપ્રધાન લેખો લખતા હતા. 'પ્રાચ્ય વિદ્યા-

મંદિર' વડોદરાના સંશોધનાત્મક ત્રૈમાસિક 'સ્વાધ્યાય' માં તેઓ નિયમિત લખતા હતા. આ વયે પણ, એવી એક પણ સભા નહીં હોય જ્યાં શ્રી દેસાઇની ઉપસ્થિતિ ન હોય! એમને અનેક વિષયોમાં રસ હતો અને વાંચન-લેખનમાં તેઓ અતિ શીઘ્ર હતા. એમનું વાંચન વિશાળ ને વિવિધરંગી હતું. મારા એમની સાથેના પચાસ સાલના પરિચયમાં મેં એમને કદી બિમાર પડેલા જોયા-જાણ્યા નથી. જ્યારે મળે ત્યારે પ્રસન્ન મુદ્રામાં જ હોય, અને સાહિત્ય, સાહિત્યકારો અને અદ્યતન પ્રકાશનો સંબંધે ચર્ચા કરે.

ઇ. સ. ૧૯૫૮ થી તે ૧૯૭૬ માં નિવૃત્ત થયા ત્યાં સુધી એ મારા સહકાર્યકર હતા. એ સારા વકતા અને પદ્યાત્મક ગદ્યના—કવિતાઇ ગદ્યના કસબી હતા. ડો. એની બેસન્ટ પરનું એમનુ પુસ્તક સારો આવકાર પામ્યું હતું.

પ્રાધ્યાપક દેસાઈના દુઃખદ અવસાનથી 'અધ્યાત્મ' ને એક સારા લેખક અને શુભેચ્છકની ખોટ પડી છે.

—✻—


અંબાજીમાં કયાં ઉતરશો?

"સ્વર્ગારોહણ"

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯

(ઉ. ગુ.) ૩૮૫૧૧૦




## શ્રી મુકુટ લીલામૃત

(ગતાંકથી ચાલુ)

પંડિત જગન્નાથ પ્રભાશંકર

ભગવાન રામચંદ્ર જન્મતઃ વિશુદ્ધ અને મહામૂલ્યવાન સુવર્ણ જેવા હતા, તેમાં તેમને ભગવાન વસિષ્ઠ જેવા સમર્થ ગુરુ મળ્યા, જેથી ઉત્તમ સુવર્ણમાં ઉત્તમ સુગંધ મળવા જેવું થયું હતું. તેની સાથે પોતે યુવાવસ્થા પ્રાપ્ત થતાં પર્યંત ક્ષત્રિયને ઘટતા તપશ્ચરણ વડે આ બંને વસ્તુઓને અધિક તેજસ્વી કરી હતી જેથી આ સુવર્ણ અને સુગંધ બંને ઉત્તમ પ્રકારની દીપ્તિ અને સુગંધથી યુકત થઇ ઝળહળી રહી. ત્રિભુવનમાં પોતાની દૈવી સુગંધનો પ્રસાર થયો રહ્યો.

તેજ પ્રમાણે પૂજ્ય મુગટરામ મહારાજ પોતે જન્મથી જ ઈશ્વરના અવતારરૂપ હતા. જે વસ્તુની ઝાંખી અન્યને જન્મ પર્યંતના પ્રયત્ન વડે ન થઈ શકે, તે તેમને બાળપણથી જ સ્વતઃ સિદ્ધ હતી; શ્રી દાજીરામ મહારાજ જેવા પરમ પવિત્ર અને સમર્થ ગુરુ તેમને મળ્યા હતા અને તેની સાથે બાલ્યાવસ્થાથી આરંભી પોતે પોતાના જીવનને ઉગ્રતપશ્ચરણમાં ગાળ્યું જેના પ્રભાવે અથવા આ ત્રિવેણીના સંગમના પ્રભાવે તેમનામાં જ્ઞાન સામર્થ્યની પ્રભા મધ્યાહ્નના સૂર્ય જેમ ઝળહળી રહી હતી. આ મહાપુરુષનું સ્વભાવથી દૈવી જીવન અસાધારણ તપશ્ચરણ વડે મહાપ્રતાપી થયું હતું.

આ પ્રમાણે હોવાથી આ મહા તેજસ્વી સહસ્રાંશુએ અનેક જીવોના ત્રિતાપને પ્રજાળી, તેમના હૃદયનું અજ્ઞાન દૂર કરી, તેમાં ભકિત અને જ્ઞાનના બળવાન અંકુરોને જાગ્રત કર્યા હતા. આ મહા બળવાન પ્રભાના પ્રતાપથી કંઇક રાજાઓ, શેઠીઆઓ, અમલદારો વિદ્વાનો કંઇ પવિત્ર બ્રાહ્મણો અને કંઈ કંઇ હજારો મનુષ્યો તેમનાં ચરણમાં સહજ રીતે

આકર્ષાઇ આવતા હતા અને હૃદયમાં અનુપમ શાંતિનો અનુભવ કરી પોતાના જીવનને પ્રભુશ્રીના પ્રથમ પરિચયથી જ ધર્માવલંબી અને ઈશ્વરપરાયણ થયેલું જોતા હતા.

## પ્રેરક પ્રસંગો

એક પ્રસંગે દશેક વાગ્યાના સુમારે એક ભાઇ શાકનો કરંડિયો લઇ આવ્યા અને પગે લાગીને ઊભા રહ્યા એટલે પોતે (શ્રી મુગટરામ મહારાજે) પૂછ્યું, કે કેમ શું લાવ્યા ભાઇ? મહારાજ! શાક લાવ્યો છું. મહારાજે કહ્યું, પણ મારે માટે કંઇ લાવ્યા છો? તેમણે કહ્યું, હાજી આપને માટે અમુક અમુક શાક લાવ્યો છું.

મહારાજઃ-ખાસ મારે માટે લાવ્યા છો?

સજ્જનઃ-હાજી.

મહારાજઃ-તો તો જા તારી માનું પાંચ વર્ષનું આવરદા વધી ગયું, એમ ભગવાન કહે છે. કેમ થયું કેની? હવે તેની ચિંતા ન કરીશ.

સજ્જનઃ-મારા વળી આપના વિના બીજા કયા ભગવાન છે અને મારે શી ચિંતા છે? રડી રડીને મરી ગયા. બધા લોકો ગભરાવતા હતા કે મરી જશે. પણ આપ મારે માથે છો પછી મારે શી ચિંતા છે?

*

બીજે એક પ્રસંગે એક સજ્જન પોતાના એક નાના છોકરાને કૂતરું કરડયું છે. વખતે તે હડખાયું કૂતરું તો નહિં હોય એવા ભયથી પોતાને પૂછવાને આવે છે. પોતે તે વખતે વડોદરામાં રાજમહેલમાં બિરાજે છે. પોતે એક પળ નેત્ર મીંચીને કહે છે, કે કૂતરું નઠારું જણાય છે. પણ તમારે શી ફીકર છે? તમારે માથે રક્ષક ભગવાન બેઠા છે, તેથી તમારે કંઇ ચિંતા નથી. મટી જશે. છતાં જે કરવી ઘટે તે દવા



કરજો. મટી જશે માટે કોઇ ગભરાશો નહિ.

*

એક પ્રસંગે પોતે ફરીને ઘેર આવતા હતા, તે વખતે એક માણસને સાપ કરડ્યો હતો. તેણે સામા આવીને કહ્યું, કે "મહારાજ! મને સાપ કરડ્યો છે." "પોતે કહ્યું, આ સામું બાવળનું ઝાડ છે, તેને બાઝ એટલે ઊતરી જશે. "તે પ્રમાણે તે બાવળના ઝાડને વળગ્યો અને તેનો સાપ ઊતરી ગયો.

*

એક પ્રસંગે એક માણસને વીંછી કરડ્યો હતો ત્યારે તે મહારાજ પાસે આવ્યો તો પોતે કહ્યું, કે જાઓ ગિરજાશંકર-ભાઇ (પોતાના મોટા પુત્ર) પાસે કંઇ દવા હશે તે લગાડો, કહીને તેને ત્યાંથી કાઢ્યો. તેના ગયા પછી મને (લેખકને) ઉપરનો સાપનો પ્રસંગ શ્રીમુખે જ કહ્યો હતો, અને પછી કહ્યું કે "અબ સબ છોડ દીયા" એ સબ માયા હૈ પંડિતજી સોહં સોહં."

*

રસોઇયા કે ગૃહદેવીએ કેટલી રસોઇ કરવી તે તેમને પૂછતાં અને આવનાર અતિથિઓની સંખ્યાનો નિર્ણય બાંધતા. પરંતુ પાંચનું રાંધ્યું હોય અને પચીસ આવે, પચીસનું રાંધ્યું હોય અને સો આવે, આવો પ્રકાર તેમને ત્યાં નિત્ય વર્ષોથી ચાલ્યા કરે છે.

એક મોટા પ્રસંગે જમનારની સંખ્યા ઘણી મોટી હતી અને કંસાર ખૂટી જશે, એવા ભયથી એક બંધુએ આવીને મહારાજને ખબર આપી, કે મહારાજ હજી તો જમનાર ઘણા જણાય છે અને કંસાર રાંધી રાંધીને થાકયા. પોતે કહ્યુંઃ જા તું જાતે પાવડો લઇને ઊભો રહે, અને તુંજ કંસાર સૌને કાઢી આપજે. બીજા કોઈને રસોડામાં પેસવા દઇશ

નહિ. સર્વ મનુષ્યો જમી રહ્યાં પણ કંસાર ખૂટ્યો નહિ અને નવો કરવો પડ્યો નહિ.

એક પ્રસંગે પોતે યાત્રા કરી પધાર્યા હતા, અને છેલ્લી યાત્રા નિયમ પ્રમાણે ડાકોરની કરવી જોઇએ તેથી તેઓ પોતે ડાકોર પધાર્યા હતા. યાત્રામાં પચાસેક માણસો જેઓ તેમની સાથે હતા, તે પણ ડાકોર તેમની સાથે જ હતા.

માલુપુડા બહુ સ્વાદિષ્ટ અને ઉત્તમ થયા હતા. તેઓશ્રીને આ ભોજન સૌથી વધારે પ્રિય હતું. ( મને એક વખતે તેઓશ્રીએ પૂછેલું કે તમને પંડિતજી ! શું વધારે ભાવે છે. મેં કહ્યું કે પહેલે નંબરે વેઢમી, પછી ખાંડનો છૂટો લાડુ અને ત્રીજે નંબરે કંસાર. પોતે કહ્યુ કે મને શું ભાવે છે તે તમે જાણો છો ? મેં કહ્યુ, નાજી. પોતે કહ્યુ કે મને માલપુડા બહુ ભાવે છે. કોણ જાણે ગયા જન્મમાં બાવો હોઇશ. "

પછી લોકો પોતાના દર્શનાર્થે આવવા લાગ્યા. ( આવો બનાવ પોતે જ્યાં જાય ત્યાં બનતો. કોણ જાણે લોકો કેમ જાણી જાય. જ્યાં પોતે જાય ત્યાં લોકો ટોળાબંધ દર્શન કરવા આવે ) " પછી પંડિતજી ! મને જે મળવા આવે તેને હું જમવા બેસાડતો જઉં : માલપુડા શું સ્વાદિષ્ટ થયેલા ! કોઇ સો બસો માણસને મેં જમાડી કાઢયા. મારી ઉપર અન્નપૂર્ણાની પૂર્ણ કૃપા રહે છે, હો પડિતજી ! " આ વચનો શ્રીમુખે જ મને કહ્યાં હતાં.

*

બ્રાહ્મણો જમવા બેઠા હોય અને વરસાદ પડવાની તૈયારી હોય તો પોતે કહે કે કોઈ ગભરાશો નહિ, તમે સુખેથી જમો, એ તો તમે જમી રહેતાં સુધી રહી જશે. પછી બ્રાહ્મણો શાંતિથી જમી રહે, અને તરત જ ધોધમાર વરસાદ વરસે.

( ક્રમશઃ )



# પ્રભુનો પ્રસાદ

પ્રો૦ મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર )

વિશિષ્ટાદ્વૈતના પ્રવર્તક પૂજ્ય શ્રી રામાનુજાચાર્યના જીવનના અનેક પ્રસંગો આકર્ષક અને બોધક છે. તે પૈકી એક ચિંતનપ્રેરક ઘટનાનું ટૂંકમાં નિરૂપણ કરીએ.

એક વખત તેઓશ્રી શિષ્યોની સમક્ષ નમ્માલ્વાર અથવા શઠારિ–વિરચિત 'સહસ્રગીત' નામની દ્રાવિડ પ્રબન્ધમાલાનું વિવેચન કરી રહ્યા હતા. તેમાં શ્રી શૈલ અથવા વેંકટાચલ નામના પવિત્ર તીર્થસ્થાનનું વર્ણન આવ્યું કે પૃથ્વી પરના વૈકુંઠ સમા શ્રી શૈલ સ્થાનમાં રહીને જે પવિત્ર જીવન ગાળે છે તે અંતે વૈકુંઠલોકમાં શ્રી નારાયણનાં ચરણોનો આશ્રય પામે છે.

શ્રી અનન્તાચાર્ય નામના એક શિષ્યે શ્રી શૈલમાં નિરંતર નિવાસ કરવા જવાની અનુમતિ માગતાં શ્રી રામાનુજાચાર્યે તેમને આશીર્વાદ સહ વિદાય આપતાં જણાવ્યું કે " અમે બધા પણ થોડાક સમય પછી ત્યાં તીર્થયાત્રા કરવા આવીશું. "

તદનન્તર યતિરાજે શિષ્ય સમૂહને લઇને શ્રી શૈલપર્વત પ્રતિ યાત્રા પ્રયાણ કર્યું. પહેલે દિવસે દેહગી નગરમાં અને બીજે દિવસે અષ્ટસહસ્ર ગામમાં તેમણે પડાવ નાખ્યો.

આ ગામમાં આચાર્યશ્રીના બે સંનિષ્ઠ શિષ્યો રહેતા હતા. બંનેના દિલમાં ઘણા વખતથી એવી ઉત્કટ સદ્‌વાસના સ્ફુરાયમાન થઈ હતી કે એક દિવસ ગુરુ મારે ત્યાં પધારે તો કેવું સારું !

એ બે શિષ્યો પૈકી એક શ્રી યજ્ઞેશ ધનિક હતો અને બીજો શ્રી વરદાચાર્ય પુષ્કળ ગરીબ હતો. શ્રી યજ્ઞેશની ઉપાસના જ્ઞાનલક્ષી હતી, જ્યારે વરદાચાર્ય અને તેની પત્નીનું

જીવન ભક્તિ પરાયણ હતું.

પોતાના ગુરુ ગામમાં પધાર્યા છે જાણી યજ્ઞેશ અને તેના સાથીઓની ખુશીનો પાર ન રહ્યો. પૂજા–પ્રસાદ વગેરેની ભારે તૈયારીઓ કરવા માંડી. આંગણાને તથા આખાય રસ્તાને અલંકૃત કરાવ્યો, પરંતુ આનંદ–ઉત્સાહના અતિરેકમાં શ્રી રામાનુજનો સંદેશ લઇને ઘેર આવેલા બે શિષ્યોને આવકારવાનું એ વીસરી ગયો. એ તો ગુરુના આગમનની પ્રતીક્ષા કરતો જ રહ્યો.

આ બાજુ, હકીકત જાણીને ગુરુએ વિદ્વર સમાન બીજા શિષ્ય વરદાચાર્યને ત્યાં જવાનો નિર્ણય કર્યો. તેને ઘેર પોતે જાય છે એવો સંદેશો મોકલ્યા સિવાય જ શ્રી રામાનુજાચાર્ય શિષ્યો સહ, તેનું ઘર શોધતા શોધતા જઇ પહોંચ્યા.

પવિત્ર બ્રાહ્મણનું દામ્પત્યજીવન આદર્શ હતું. વરદરાજ રોજ સવારે ભિક્ષા માટે જતા અને બે પ્રહર બાદ ઘેર પાછા ફરતા. ભિક્ષામાં જે મળે તે અન્નથી પતિ–પત્ની નારાયણને નૈવેદ્ય ધરાવીને સંતોષપૂર્વક નિર્વાહ કરતાં હતાં. ઘણીવાર કાંઇ ન મળતું અથવા ઓછું મળતું કે કોઈ સાધુ યા વૈષ્ણવ અતિથિ તરીકે પધારતા ત્યારે આ દંપતીને બબ્બે ત્રણ ત્રણ દિવસ ઉપવાસ થતા. છતાં તેમના મન અને મુખ પરની પ્રસન્નતામાં ઓટ આવતી નહીં.

શિષ્ય મંડળ સહ યતિરાજ જ્યારે તેમના ઘેર પહોંચ્યા ત્યારે વરદરાજ ભિક્ષા માટે બહાર ગયા હતા તે હજુ પાછા આવ્યા ન હતા. યતિરાજે બહારથી જ પોકાર કર્યો. પતિ–પરાયણા લક્ષ્મીએ ગરીબીને કારણે, શરીર પર એક કપડાનો ટુકડો લપેટ્યો હતો અને પોતાનું વસ્ત્ર સુકાવા મૂક્યું હતું. આથી તે ગુરુ સમક્ષ ઉપસ્થિત થઈ શકી નહીં, પરંતુ તેણે હાથની તાળીથી પોતાની પરિસ્થિતિની આચાર્યશ્રીને જાણ



કરી. જો કે લક્ષ્મીને એવી ખબર ન હતી કે આંગણે પધારેલ સંત તેના પતિના ગુરુ હતા.

આ સ્થિતિ જાણીને આચાર્યશ્રીએ પોતાનો દુપટ્ટો દૂરથી ઘરની અંદરના ભાગ ભણી ફેંક્યો. તેને પહેરીને તરત તે સદ્દગુરુ સમક્ષ ઉપસ્થિત થઇ અને વંદન કરી બોલી:–

"મહાત્મન્ ! મારા સ્વામી ભિક્ષા માટે બહાર ગયા છે. સામેના તળાવમાં સ્નાન–વિશ્રામ કરી આપનો થાક ઉતારો. હું જલદી ભગવાન માટે નૈવેદ્ય તૈયાર કરી નાખું છું."

એમ કહીને એ ઘરની અંદર જતી રહી. ઘરમાં તો ચોખાનો દાણો સરખો પણ ન હતો કેવી રીતે સંતની સેવા કરી તેમને સંતોષ આપી શકીશ, તેની ચિન્તામાં તે ગરકાવ થઈ ગઇ.

તેના ઘરથી થોડે દૂર જ એક વાણિયો રહેતો હતો. લક્ષ્મી ઘણી જ સુંદર હોવાથી વાણિયાનું મન તેના પ્રત્યે મોહિત થયું હતું. તેણે ઘણીવાર તેની નોકરડી સાથે સંદેશો મોકલી ધન વગેરેના પ્રલોભન દ્વારા તેને વશ કરવાના નિષ્ફળ પ્રયત્નો કરી જોયા હતા. પરંતુ કોઇ રીતે તે તેના દાવમાં આવતી ન હતી.

આધ્યાત્મિક કટોકટીની પળે લક્ષ્મીએ વિચાર્યું કે 'અસ્થિ–માંસમય આ શરીર દ્વારા ગુરુસેવા કરીને હું કૃતાર્થ કેમ ના થાઉં ?'

થોડી વાર તેના મનમાં પાપ–પુણ્યના વિચારોની ગડમથલ ચાલી. તે જ ક્ષણે તેના ચિત્તમાં ભગવાન રચિત એક શ્લોકનું સ્ફુરણ થયું :

यन्निमित्तं कृतं पापमपि पुण्याय कल्पते ।
मामनादृत्य तु कृतं पुण्यं पापाय कल्पते ॥

અને લક્ષ્મી અતિથિસત્કાર માટેની સામગ્રી લેવા માટે

પાછલા દ્વારથી ઘરની બહાર નીકળી વાણિયાને ઘેર જઇ ઊભી રહી.

"શેઠજી આજે હું આપની અભિલાષા પૂર્ણ કરીશ. અમારા સદ્‌ગુરુ શિષ્યોની સાથે પધાર્યા છે. તેમની સેવા માટે ભોજન-સામગ્રીની વસ્તુઓ આપ મારે ત્યાં મોકલી આપો."

વાણિયો તો અત્યંત વિસ્મિત થઈને મન-હી-મન કહેવા લાગ્યો : જેને પ્રાપ્ત કરવા માટે મેં કેટકેટલી યુક્તિઓ રચી પણ તે સઘળી અસફળ રહી. પણ આજે આ સુંદરી સ્વયં મારી પાસે આવી છે. લક્ષ્મી ઘેર આવી છે તો મોં ધોવા જવાની મૂર્ખાઇ કરવી ના જોઇએ.

વાણિયાએ સહર્ષ ખાદ્યસામગ્રી લક્ષ્મીની સાથે મોકલી આપી.

લક્ષ્મીદેવીએ શ્રી વિષ્ણુ ભગવાન માટે નૈવેદ્ય તૈયાર કર્યું અને ગુરુજીને તથા શિષ્યમંડળીને ભાવથી પીરસવા લાગી. પ્રસાદથી તૃપ્ત થઇને શ્રી ગુરુદેવે આશીર્વાદ આપ્યા. થોડી જ વારમાં વરદરાજ ઘેર આવ્યા. પોતાના ગુરુને શિષ્યો સહ પધારેલા જોઇ તથા ભોજનથી તેમને પરિતૃપ્ત જોઈ તેના આનંદનો પાર ન રહ્યો. એ તો નાચવા લાગ્યો.

થોડીક ક્ષણો બાદ વરદનું ચિત્ત ચકડોળે ચઢયું : 'ઘરમાં તો બે દિવસથી એક દાણો પણ નથી, તો લક્ષ્મીએ કેવી રીતે સદ્‌ગુરુની આગતા સ્વાગતા કરી હશે?' તેણે અંદર જઈને પત્નીને પૂછયું તો તેણે હાથ જોડી પતિ પાસે સત્ય હકીકત નિવેદન કરી, અને પોતે શેઠને આપેલા વચન માટે ક્ષમા યાચવા લાગી.

પરંતુ ક્રોધને બદલે આનંદાવભોર બની વરદે 'આવી સુલક્ષણા પત્ની પામવા માટે હું ધન્ય છું, ધન્ય છું,' એમ કહીને તેણે લક્ષ્મીને કહ્યું,



"તેં આજે તારા સતીત્વનો યથાર્થ પરિચય કરાવ્યો છે. ગુરુરૂપી નારાયણ જ એક માત્ર પુરુષ છે. તેઓ સમસ્ત પ્રકૃતિકુલના પતિ છે. અસ્થિમાંસમય શરીરના વિનિમયમાં તું આજે પરમ પુરુષની જે સેવા કરી શકી છો તેનાથી અધિક સદ્‌ભાગ્યનો વિષય શો હોઇ શકે? અહા, હું કેવો ભાગ્યવાન છું? કોણ કહે છે કે હું ગરીબ છું! તારા જેવી પરમ ભક્તિમતી સહધર્મિણી જેને છે તેના સદ્‌ભાગ્યનું વર્ણન થઈ શકે તેમ નથી."

આમ કહી સ્રીનો હાથ પકડી ગુરુની પાસે આવીને વરદે સાષ્ટાંગ પ્રણામ કરીને સઘળો વૃતાંત કહી સંભળાવ્યો. આ સાંભળી ગુરુદેવ પણ આશ્ચર્યચકિત થઈ ગયા.

ગુરુની આજ્ઞાથી દંપતીએ પ્રસાદ ગ્રહણ કર્યો અને થોડી વાર આરામ લીધા બાદ વધેલો પ્રસાદ લઇને તેઓ વાણિયાને ઘેર પહોંચી ગયા. વરદરાજ તો બહાર જ ઊભા રહ્યા. લક્ષ્મીએ અંદર જઈને તે વાણિયાને પ્રભુનો પ્રસાદ પહેલાં ગ્રહણ કરવા પ્રાર્થના કરી. વાણિયાએ પ્રેમપૂર્વક પ્રસાદ ગ્રહણ કર્યો...અને એના અણુએ અણુમાં ગજબનું પરિવર્તન થવા લાગ્યું. એની આસુરી કામવૃત્તિ અલોપ થઇ ગઇ. જે લક્ષ્મી તરફ તે લાલસાયુક્ત કુદૃષ્ટિથી જોતો હતો તેના તરફ નજર નાંખતાં આજે તેને દેવીનાં દર્શન કર્યાનો જાણે આભાસ થયો. તે પગે પડીને અશ્રુપાત કરીને પ્રાર્થવા લાગ્યો :

"હે મા! આજે તેં મને મહાપાતકમાંથી ઉગારી લીધો છે. મને ક્ષમા કરો અને આ નરપિશાચ વિશુદ્ધ મનુષ્ય બની જાય એવી કૃપા કરો. આપના ગુરુદેવનાં દર્શન કરાવી મને પાવન કરો."

વાણિયાનું હૃદય-પરિવર્તન થયેલું જોઇને લક્ષ્મીના હૃદયમાંનો સર્વ સંતાપ શમી ગયો, અને સતીત્વની રક્ષા થવાથી

પ્રફુલ્લિત થઇ, ગુરુદેવની પાસે જઈને સુખદ ચમત્કારની વાત નિવેદિત કરી, જેથી વરદરાજ તો ખૂબ ખૂબ પ્રસન્ન થયા.

પ્રસાદ-પ્રભાવની વાત સાંભળી સમગ્ર શિષ્ય મંડળ વિસ્મિત થયું. વરદ અને લક્ષ્મીના આગ્રહથી ગુરુએ વાણિયાને દીક્ષા આપી કૃતાર્થ કર્યો. વણિકે પોતાનું ધન વરદને સ્વીકારવા પ્રાર્થના કરી અને આચાર્યશ્રીએ પણ તે સ્વીકારવા અનુમતિ આપી. ત્યારે વરદરાજે કહ્યું,

" પ્રભો ! અવિનય ક્ષમા કરશો. ભિક્ષામાં જે મળી રહે છે. તેનાથી સંતોષપૂર્ણ નિર્વાહ અને નૈવેદ્ય થઇ રહે છે. આપ તો જાણો છો જ કે ધનથી મોટા મોટા અનર્થ થાય છે. તેનાથી ઇન્દ્રિય-લોલુપતા વધે છે અને ચિત્ત પ્રભુથી વિમુખ બનતું જાય છે. માટે પ્રભુ ! અર્થના અનર્થથી મારી રક્ષા કરો."

બધી વાતની જાણ યજ્ઞેશને થઇ ત્યારે તે ત્યાં આવ્યો અને સંદેશવાહકની ઉપેક્ષા કરવા માટે ક્ષમા યાચી. ગુરુસેવા કરવાની તક ગુમાવવા બદલ તે પશ્ચાત્તાપ કરવા લાગ્યો શ્રી રામાનુજાચાર્ય તેને યોગ્ય બોધ આપી તેના મનનું સમાધાન કર્યું.

---

પ્રો. મહેન્દ્રકુમાર મો૦ દેસાઇ ( કુમાર ) કોઠી કચેરી સામે, રાવપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧.

જીભના દરવાજાને બંધ કરવાના મૌન કરતાં મનના દરવાજા બંધ કરવાનું મૌન ચઢિયાતું છે.

કોઈપણ માનવી આતુર ભાવથી ગદગદ થઈને અનન્ય ભાવે શરણ થઈ, કેવળ ઇશ્વર ને જ પ્રાર્થના કરે છે, તો પ્રભુ તેનો પોકાર સાંભળે છે.



## દુર્લભ દેહ-માનવનો

ભવચક્રના અગણિત આંટે, દેહ માનવનો મળ્યો !
ક્રમ વિકાસે દેવદુર્લભ, દેહ માનવનો મળ્યો !
બ્રહ્માંડભરની સૂક્ષ્મતા સમ, પિંડ માનવનો મળ્યો !
પ્રભુ પ્રીછવા ને પામવા, અવતાર માનવનો મળ્યો !

## ઘડપણ

મૃતક માફક પડી રહેવું, નથી એ નેમ ઘડપણની !
નિસાસાથી સહી લેવું, નથી એ રીત ઘડપણની !
પ્રભુનો આશરો લઈને, પ્રભુના કાર્યને અર્થે-
ક્ષણેક્ષણને ખરચવી એ—ભૂમિકા શ્રેષ્ઠ ઘડપણની !

## પરલોકયાત્રા

ટૂંકી યાત્રા-સફર કાજે, બધાં તૈયારી કરતાં છે !
નાની-મોટી જરૂરતની, ચીવટ કેવી ધરાવે છે !
પણ, પરલોક-યાત્રાનું, ન એ રીતે વિચારે છે,
જરૂરી પુણ્ય-ભાથા વિણ, ગતિ શ્રેયસ્ ગુમાવે છે !

-રતિલાલ ભાવસાર
કુમારગૃહ, આનંદપુરા વડોદરા-૧.

# રામકથા

(ગતાંકથી ચાલુ)

શ્રી યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'રામના પરાક્રમને જોઈ લીધું ને? હું તને પહેલેથી જ કહેતી હતી કે રામ જાગશે એટલે તારું આવી બનશે. છતાં પણ તેં મારી વાતને ના માની અને અપરાધ પર અપરાધ કરવાનું ચાલુ રાખ્યું. તો છેવટે તારું બધુંયે અભિમાન માટીમાં મળ્યું ને તારે સપડાવું પડ્યું.'

રામે કહ્યું : કુકર્મ કરનાર થોડા વખતને માટે પોતાના કર્મ-ફળમાંથી છટકી જાય તો પણ કાયમને માટે એની શિક્ષામાંથી નથી છૂટી સકતો. સીતાની આગળ જેવાતેવા શબ્દો બોલીને તેં એનું જ નહિ પરંતુ સાથે સાથે મારું પણ અપમાન કર્યું છે. એ અપમાન કોઈ પણ સ્વમાનશીલ વ્યક્તિ ના સહી શકે. બોલ, હવે તારા અપરાધને માટે તને શિક્ષા કરું કે ના કરું?'

જયંત બોલ્યો : 'મને તમારા બાહુબળની ખબર ના હોવાથી અહંભાવથી અંધ બનીને હું ના કરવા જેવું કર્મ કરી બેઠો. એને માટે મને હવે પ્રશ્ચાતાપ થાય છે. મારું દિલ મારા દુષ્ટકર્મને લીધે ડંખી રહ્યું છે. તમે મને ગમે તેવી શિક્ષા કરી શકો છો. છતાં પણ હું તમારી ક્ષમા માગું છું ને પ્રાર્થું છું કે તમે મને સહી-સલામત રીતે સ્વર્ગમાં જવા દો."

'સ્વર્ગમાં તને સહી સલામત રીતે જવા દઉં તો તેથી તને તારા કુકર્મનો દંડ નહિ મળે. કુકર્મના પરિણામે પ્રાપ્ત થયેલો દંડ તને હંમેશા યાદ રહેશે તથા એવી જાતના બીજા કુકર્મમાંથી મુક્ત રાખશે. તારા સિવાયના બીજાને માટે પણ તે એક કાયમી અને મોટા બોધપાઠ રૂપ થઈ પડશે. તને કરાયેલો દંડ બીજાને માટે પણ પ્રેરણાદાયક થઈ રહેશે.'



રામની વાત સાથે સીતા સંમત થઈને બોલી 'જયંતે કેવળ છળકપટ કરીને જ સંતોષ નથી માન્યો પરંતુ એથી આગળ વધીને મારા ચરણ પર પ્રહાર પણ કરી લીધો છે. એનું એ કૃત્ય સાધારણ ના કહેવાય અને એની અવગણના પણ ના કરાય. એનો દંડ એને ના દઈએ એ જરાપણ ઉચિત ના કહેવાય. જયંતનો પ્રશ્ચાતાપ સાચો નથી પરંતુ ઉપર ઉપરનો અને પોતાને થનારી સજામાંથી છટકવાની યુક્તિ જેવો છે. એ પશ્ચાતાપનો વિશ્વાસ ના રાખી શકાય. માટે એને દંડ કરીએ એ જ બરાબર છે."

એ પછી રામે જયંતની એક આંખ ફોડી નાખી અને એ અવસ્થામાં એને જવા દીધો.

## મંદાકિનીનો મહિમા

ચિત્રકૂટના પાવન પ્રદેશમાંથી આગળ વધીને જયંત સ્વર્ગ-લોકમાં આવ્યો ને પોતાના પિતાને મળ્યો.

ઈન્દ્રે એની આશ્ચર્યકારક અવદશા દેખીને એને પૂછ્યું તો એના ઉત્તરમાં એણે કહ્યું :

'ચિત્રકૂટમાં રહેતા રામે મારી આવી અવદશા કરી નાખી છે. એ દશરથ પુત્ર રામને પોતાના બાહુબળનું ખૂબજ અભિમાન છે. અને એથાયે વધારે અભિમાન એમની રૂપસુંદરી પત્ની સીતાને છે એ વખતે હું એકદમ અસહ્ય અને એકલો હતો એટલે શું કરું? નહિ તો રામને મારા પરાક્રમનો પરચો બરાબર બતાવી આપત. રામની રતિસમાન સુંદર પત્નીને વનમાં વિલોકીને દયાથી પ્રેરાઈને મેં એની મદદ માટે તત્પરતા બતાવી. એટલામાં તો રામે મને કામુક અને મોહાંધ માનીને બાણ માર્યું. મારી મૈત્રી ભાવનાની એમણે કદર ના કરી. સ્વર્ગની એકેકથી ચઢિયાતી અદ્ભુત અપ્સરાઓની આગળ સીતાની શી વિસાત છે કે હું એની પાછળ પાગલ બનું? એમણે મને સમજવામાં ઉતાવળ ને ભૂલ કરી. એ અપમાન અને અનર્થનો બદલો લેવાની વૃત્તિ મારા

મનમાં રમ્યા કરે છે. સમય પર એનો બદલો જરૂર લઈશ ત્યારે જ મને શાંતિ વળશે."

ઈન્દ્રે કહ્યું : 'રામ પોતાના નીતિ ધર્મના પાલનને માટે વખણાય છે. એ સીતા તથા લક્ષ્મણ સાથે વનમાં વસે છે એ વાત મેં સાંભળી છે. એમણે તારી આવી દૂર્દશા કરી એ ઉચિત ના થયું. એ આવા કઠોર છે તેની મને કલ્પના નહિ. છતાં પણ એ પરાક્રમી ને સત્યવાદી પવિત્ર પુરુષની સાથે વેરભાવ જગાવવાનો કોઈ અર્થ નથી. એવો વેરભાવ એમને નહિ પરંતુ તને જ હાનિ પહોંચાડશે. રામે તને નેત્રરહિત કરી દીધો તો તેં એમનો કોઈ ભયંકર અપરાધ જરૂર કર્યો હશે. અપરાધ સિવાય એ કોઈને સાધારણ સજા પણ નથી કરે એવા.'

'મારો અપરાધ જો કહેવો હોય તો એટલો જ હતો કે વનમાં કપિલા ગાયની પેઠે અસહાય અવસ્થામાં રહેતી સીતાને જોઈને મારું હૃદય રડી પડયું, દુઃખી થયું, દ્રવી ગયું, અને મેં એની ખબર પૂછી. મારે તો ધર્મ કરવા જતા ધાડ પડી છે. રામ અને સીતાએ મને અશુભ કામનાવાળો અસુર સમજીને પકડી પાડયો ને અપંગ અથવા અંગરહિત અને અંધ કર્યો. મારા અંતરમાં એમને માટે વિદ્વેષની ભાવના ના થાય તો બીજું શું થાય?

જયંતના ચારિત્રની ઈન્દ્રને ખબર હતી. એટલે તો જયંતનું સ્પષ્ટી કરણ એમને સંતોષી ના શક્યું. એમણે શાંતિપૂર્વક કહ્યું : 'સ્વર્ગમાં પણ તારું વર્તન કેટલું બધું વિપરીત છે તેની મને માહિતી છે. તેં સીતાની કેવળ ખબર જ પૂછી હોય તે એનો અપરાધ માનીને રામ આવો કઠોર દંડ ના કરે. તેં એમનું અથવા સીતાનું ભારે અહિત કર્યું હશે એટલે જ તને મૃત્યુ દંડ દેવાને બદલે એક આંખે અંધ કરીને રામે છોડી મૂકયો. મને એવો વિચાર પણ આવી જાય છે.'

(ક્રમશઃ)

*

# * જીવનનું ધ્યેય ન ભૂલાય તે જોજો *

પરિવારની કોઇ વ્યક્તિના દેહવિલયથી એટલો શોક ના થવો જોઇએ, જેટલો ઇશ્વરના દર્શન ના થવાના દુઃખથી. સાંભળ્યું છે કે નરસિંહ મહેતાના પુત્રને પણ યુવાવસ્થામાં જ વિદાય થવું પડયું હતું. જ્યારે બાળક જ હોય ત્યારે કોઈ અદૃશ્ય થઇ જાય તો તેટલું દુઃખ ન પણ લાગે, જેટલું યુવાન સંતાનને લીધે. છતાં તે ભકતાત્માએ તો હસતાં હસતાં આ સહન કર્યું ને ઉપરા ઉપરી તેવા આઘાત થવા માંડ્યા ત્યારે પણ "ભલું થયું ભાંગી જંજાળ" કરીને જ વધાવ્યા. આપણે આ રીતે ગાઈ ના શકીએ પરંતુ એટલી તો આશા રાખી જ શકીએ કે ઇશ્વરે જે પરિસ્થિતિનું સર્જન કર્યું હશે તે સારાને માટે જ.

યોગીનો અર્થ જંગલમાં જવાનો કે બધું છોડી દેવાનો નથી, પરંતુ હરરોજના જીવનમાં સાવધ રહીને દૈવી સંપત્તિમાં જવાનો, કામ ને ક્રોધમાંથી પ્રેમ ને કરુણામાં જવાનો ને શરીરની અંદર ચેતના છે, તે આપણા સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર-આત્મદર્શન કરવાનો છે. આજે જગતની અનેકવિધ પ્રવૃત્તિ વચ્ચે આ વધારે સંભવિત નથી, પરંતુ આ દૃષ્ટિને વિસારે પાડવાની જરીયે જરૂર નથી. કેમકે આના વિના જીવનની કિંમત એક કોડી નીચે નથી.

યોગેશ્વરજી

# ધ્યેય અને ધ્યેયની દિશા

જીવનના વિકાસને માટે એક વસ્તુનું ખૂબ જ ધ્યાન રાખવાનું છે. એક તો દૃઢ ઇચ્છા. પછી દૃઢ ને અનવરત પયત્ન ને ધ્યેયની દિશા. જીવનની સમુન્નત સાધનામાં પડતાં પહેલાં માણસે ધ્યેયની દિશા ને ધ્યેય નક્કી કરી લેવાની જરૂર છે. અન્યથા ઉલટે માર્ગે ચાલ્યા જવાનો કે વચમાં જ રોકાઇ જવાનો ભય છે. પ્રત્યેકના જીવનમાં નાનાં મોટાં અનેક ધ્યેય હોઇ શકે. પરંતુ જીવનનું એક માત્ર સાચું ધ્યેય તો આત્મદર્શન કે ઇશ્વરદર્શન જ છે. વાસના અને વિષયની આસકિતની નિતાંત નિવૃત્તિ એ તેની દિશા છે. સાધારણ રીતે પ્રત્યેક મનુષ્યના હૃદયમાં સારી ને નરસી–દૈવી ને આસુરી શકિતઓનો સંઘર્ષ ચાલે છે. કેટલીક વાર દૈવી વૃત્તિઓ માણસને ભાવાન્વિત કરી દે છે, તો કેટલીક વાર આસુરી વૃત્તિઓની શકિત તેને નીચે પાડી દે છે. આત્મદર્શન નથી થતું ત્યાં સુધીની આ સાધારણ અવસ્થા હોય છે. જીભ વગેરે ઈન્દ્રિયોના સ્વાદ તથા ઈન્દ્રિયોના ભોગ એવાં પ્રબળ છે કે તે મનુષ્યને પશુ કરી દે છે. જાગૃત માણસ તે વાસનાને હલકી કરી શકે છે, પણ તેનો સ્વાદ નિર્મૂલ કરવો એ ઘણું જ કઠીન કામ છે. પણ આ પણ સાચું છે કે પ્રત્યેક શ્રેયાર્થીને આ સંઘર્ષમાંથી પસાર થવું જ પડશે ને તેમાં વિજયી પણ થવું પડશે. સંસાર એ આ મહાકાર્યની પાઠશાળા છે. તેમાં કસાયેલો મનુષ્ય સો એ સો ટકા સોનું થઇને જ બહાર આવે છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.